# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 11



**અન્ય પૃષ્ઠો પર...**

02 **સાંપ્રત**
સાગર રબારી

05 **'ઈનકો પાલે કૌન ?'...**
સાગર રબારી

07 **રાષ્ટ્રપતીની ચુંટણી અને...**
યશવન્ત મહેતા

09 **વહુ ભી કભી સાસકો...**
ગાર્ગી વૈદ્ય

11 **ખેતી : સગવડ આપશો કે...**
વટેમાર્ગુ

15 **માણસ મળે ના મળે...**
સાગર રબારી

17 **અમદાવાદ, સ્ત્રીઓ માટે...**
પર્સીસ જીનવાલા

19 **પાલીતાણામાં 'ભીમ બ્રીગેડ...**
ફાધર વર્ગીસ પૉલ

20 **21 જુન - વીશ્વયોગ...**
ટી. પી. બાબરીયા

21 **શું VIP કલ્ચર દુર થયું ખરું ?**
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

22 **પત્રસાર**

23 **ઔડા (અમદાવાદ)માં...**
સાગર રબારી

26 **આર્થીક નીતીઓમાં બદલાવ...**
ધવલ મહેતા ✻ રમેશ બી. શાહ


## વીદ્યુતચેતાવક ગીજુભાઈ

બાવીસ-ત્રેવીસ વર્ષો સુધી બાલશીક્ષણની નવી દીશાને અનુકુળ બાલ-સાહીત્યની શોધમાં જુની લોકવાણીના ખજાના ખોદનારા અને નવા રચના-પ્રયોગો નીપજાવવા મહેનત કરનારા ગીજુભાઈ સાહીત્યજગતની પ્રેમાશ્રુભીની અંજલીના અધીકારી છે. જુની બાળલોકવાર્તાઓનો ઉદ્ધાર એમના હાથે ન થયો હોત તો એ વાર્તાઓ, એ ટુચકાઓ, જોડકણાં ને ઉખાણાં આજે ક્યારનાં અપ્રાપ્ય બન્યાં હોત. પોતાની ચીત્રાત્મક અને ભાવપ્રધાન 'બાની'માં બાળકોની સુરુચી તેમજ સંસ્કારી શોખ ઘડવા માટે જે કુદરત-કથાઓ, પશુપક્ષીની કથાઓ, શેરી ને આંગણાનાં જીવનની કથાઓ, તેમજ નીત્યના વ્યવહારમાં જોવા મળતાં લાક્ષણીક માનવીઓની જે રેખાચીત્રકથાઓ ગીજુભાઈએ ધોધબંધ વહેતી મુકી હતી, તે આપણા સાહીત્યધનમાં મોટો ઉમેરો કરવા માટે બસ થઈ પડશે.

ગીજુભાઈએ શીક્ષણ-પ્રદેશમાં નીબંધાત્મક સાહીત્ય આપ્યું છે. પ્રાણી-જીવન પર રમતીયાળ અને રસભર્યું સાહીત્ય આપ્યું છે. ગીજુભાઈનું નામ સમુદ્ધારક તેમજ સર્જક, બેઉ લેખે સાહીત્યમાં ચીરંજીવ બન્યું છે. ગીજુભાઈની લેખીનીનાં પ્રેમીજનો જો એમના ખેડેલા સાહીત્યપ્રદેશોનું પ્રતીનીધીત્વ કરતું એક સ્મારક-પુસ્તક બહાર પાડે તો તેવો ગ્રંથ ગુજરાતી સાહીત્યની વીરલ શોભા બની રહેશે. ગીજુભાઈએ એટલું અઢળક લખ્યું છે કે તેમાંથી શુદ્ધ સુવર્ણને તારવી લેવાની વહેલી તકે જરુર છે.

સાહીત્ય ઉપર ગીજુભાઈનું એક સવીશેષ ઋણ એ છે કે તેમણે પોતે જ લખ લખ કરવાની સાથોસાથ પોતાની આસપાસનાં આખાં જુથોની કલમોને વહેતી કરાવી. કેટલાય જુવાનોને એમણે લખવાની શક્યતાનાં દ્વાર દેખાડેલ છે. પ્રચંડ ગતીવાળા કામને જે એક નડતર (ગુણદૃષ્ટીએ કેટલુંક કામ નબળું ઉતરવાની) હોય છે તે ગીજુભાઈના કામને પણ પડી હોવા છતાં, તેના એકંદર જથ્થામાંથી શુદ્ધ સુવર્ણ પુષ્કળ મળી રહેશે. બાકી તો ગીજુભાઈનું કાર્ય વીદ્યુત-ચેતાવકનું હતું. એ વીદ્યુતને ચેતાવતાં જ પોતે ઘસાઈ ગયા, ઘસાતાં ઘસાતાં અકાળ મૃત્યુને પામ્યા.

**– ઝવેરચંદ મેઘાણી**

[નવું શૈક્ષણીક-સત્ર શરુ થઈ રહ્યું છે, ત્યારે 'મુછાળી મા'ને યાદ કરવાં ઉચીત ગણાશે. સૌજન્ય : 'કલમ અને કીતાબ'] ❑

# સાંપ્રત

## સાગર રબારી

### અંતીમ આદેશ સુધી કુલભુષણ જાધવની ફાંસી પર રોક

પાકીસ્તાનમાં જાસુસીના આરોપમાં પકડાયેલા ભારતીય નાગરીક કુલભુષણ જાધવને અપાયેલી ફાંસીની સજા પર આંતરરાષ્ટ્રીય કોર્ટે આખરી ચુકાદા સુધી રોક લગાવી છે. આ આખા કેસમાં અનેક ચડાવઉતાર આવ્યા છે. ભારતીય નૌકાદળના ભુતપુર્વ કર્મચારી કુલભુષણને ગદર બંદર વીસ્તારમાંથી પકડ્યા પછી પાકીસ્તાને એના પર ભારતીય જાસુસ હોવાનો આરોપ મુક્યો હતો. આખો કોર્ટ કેસ મીલીટ્રી કોર્ટમાં ચલાવાયો હતો.

જાધવ માટે રાજદ્વારી પહોંચની ભારતની માગણી પાકીસ્તાને 16 વાર ઠુકરાવી તે પછી ભારતને આંતરરાષ્ટીય કોર્ટમાં જવું પડ્યું છે.

બીજી તરફ, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે પાકીસ્તાનમાં કાર્યરત મીલીટ્રી કોર્ટની કાર્યપ્રણાલી કહો કે સીસ્ટમ, તેની સામે સવાલો ઉભા થઈ ગયા છે. કુલભુષણ જાધવને પાકીસ્તાનની મીલીટ્રી કોર્ટ દ્વારા જ ફાંસીની સજા ફરમાવવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રના એક એકમે પાકીસ્તાનની આ મીલીટ્રી કોર્ટની સીસ્ટમને વખોડી કાઢી છે. શોષણ સામે સંયુક્ત રાષ્ટ્રની એક સમીતીનો અહેવાલ જાહેર કરાયો હતો તેમાં કહેવાયું હતું કે આતંકવાદને લગતા કેસમાં કાર્યવાહી કરતી મીલીટ્રી કોર્ટને ઈસ્લામાબાદે ટેકો આપવાનો બંધ કરી દેવો જોઈએ. અહેવાલમાં કહ્યું છે કે મીલીટ્રી કોર્ટમાં કાર્યવાહી કરવાને બદલે સરકારે સીવીલીયન કોર્ટમાં દરેક કેસ ટ્રાન્સફર કરી દેવા જોઈએ. તેની સુનાવણી પણ ત્યાં જ થવી જોઈએ.



[સૌજન્ય : 'સાધના' : 13-5-2017]

આમ, કુલભુષણ જાધવની ફાંસી પર રોક લાગતાં દેશ આખામાં આનંદનો માહોલ અને મીઠાઈ વહેંચાયાના સમાચાર છે ત્યારે બીજી તરફ પાકીસ્તાન તરફથી ચીંતાજનક સમાચાર પણ છે.

પાકીસ્તાનના વીદેશ મંત્રાલયે ચુકાદા પર પ્રતીક્રીયા આપતાં જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય કોર્ટનો ચુકાદો સ્વીકાર્ય નથી. વીદેશ મંત્રાલયના પ્રવક્તાએ ભારત પર નીશાન સાધતાં એવું જણાવ્યું કે પાકીસ્તાનને આંતરરાષ્ટ્રીય કોર્ટનો ચુકાદો બીલકુલ મંજુર નથી અને કેસને આગળ ધપાવવા માટે વધારે મજબુત પુરાવાઓ રજુ કરવામાં આવશે.

ચીંતા એ પણ ખરી કે આ તો વચગાળાની રોક છે. આંતરરાષ્ટ્રીય અદાલતમાં આખરી ચુકાદો શું આવશે તે આપણે જાણતા નથી. આખરી ચુકાદો પણ ભારતની તરફેણમાં આવે અને કદાચ પાકીસ્તાન ચુકાદો માનવાનો સદંતર ઈન્કાર કરી સાવ છેલ્લે પાટલે બેસે તો શું ? તો ભારત સરકાર સુરક્ષા પરીષદમાં આખો મામલો લઈ જઈ શકે. સુરક્ષા પરીષદમાં ચીનનો વીટો પાવર ભારતની વીરુદ્ધ ના જાય એનો શો ભરોસો ? હાલ ચીન પાકીસ્તાનને દરેક વાતે ટેકો જ કરે છે તેવા સંજોગોમાં ભારત પાસે વીકલ્પો મર્યાદીત દેખાય છે.

(સૌજન્ય : 19-5-17ના અખબારી અહેવાલો)

### ઉનાળે પાણીનો કકળાટ ના હોય એવું ક્યારે વીકસશે ગુજરાત ?

પાવી જેતપુર વીસ્તારના અંતરીયાળ ગામ સમડીમાં પીવાના બેડા પાણી માટે મહીલાઓએ જીવના જોખમે ડુંગર ખુંદવા પડે છે ! છેલ્લા ત્રણ વર્ષથી ઓછો વરસાદ પડવાને લીધે સમડી ગામના લોકોની પરીસ્થીતી દયનીય બની છે. 600 જેટલી વસ્તી ધરાવતા, ચોમાસે કુદરતી સૌંદર્યથી

ભરપુર થતા આ ગામમાં ઉનાળે પીવાના પાણીનાં ફાંફાં થાય છે, બેડા પાણી માટે મહીલાઓને જીવનાં જોખમ વહોરવાં પડે છે. ખાડા ખોદી પાણી ભરવાં પડે છે. ગામમાં ચારેક બોર અને એક મીની ટાંકીની વ્યવસ્થા હોવા છતાં ગામના એકેય બોરમાં ટીપુંય પાણી આવતું નથી. ગામમાંથી પસાર થતા એક કોતરમાં પાણી મળે છે તે સાવ ગંદુ છે, પીવા લાયક નથી તેમ છતાં અસ્તીત્વ ટકાવી રાખવા ડુંગરો પરથી કોતરમાં ઉતરી, ખાડા ખોદી એમાં એકઠા થતા પાણીનાં બેડાં ભરવાં પડે છે. પાણીની મજબુરીએ ગામને હીજરત કરવી પડે તેવી સ્થીતીમાં લાવી દીધું છે.

**અછતનો આંકડો વધ્યો !**

સરકારની સમીક્ષા બેઠકના અહેવાલ મુજબ રાજ્યનાં 174 ગામ તથા 79 પરાઓમાં 202 ટેન્કરો મારફતે પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

ઉપરાંત, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ જીલ્લાનાં કુલ 201 ગામોને રાહતદરે ઘાસચારો પુરો પાડવાનો નીર્ણય લેવાયો છે. આ ઉપરાંત કચ્છ જીલ્લાનાં 115 ઉપરાંત જરુરીયાતવાળાં ગામોના પશુધારકોને પણ રાહતદરે ઘાસચારો પુરો પાડવાનો નીર્ણય કરાયો છે.

(સૌજન્ય : ગુજરાત ટુડે-18-5-17)

**જામનગરના ૧૫માંથી ૧૩ ડેમ ખાલી**

જામનગર જીલ્લામાં પાણીની અછત દેખાવા માંડી છે. જીલ્લાનો એકમાત્ર મુખ્ય સ્રોત નર્મદા જ બચ્યો છે. જીલ્લાના 15 ડેમોમાં પાણીનો જથ્થો હાલ આ મુજબ છે :

| ડેમ | પાણીનો જથ્થો |
|---|---|
| રણજીતસાગર | 00-00 |
| સસોઈ | 95-00 |
| પન્ના | 62-00 |
| ફુલઝાર-2 | 00-00 |
| રંગમતી | 00-00 |
| રુપાવટી | 00-00 |
| ઉંડ-1 | 04-23 |
| ફુલઝાર-1 | 00-00 |
| સપડા | 00-00 |
| વીજરખી | 00-00 |
| વોડીસંગ | 11-26 |
| ડાઈ મીણસાર | 39-00 |
| કંકાવટી | 00-00 |

(જથ્થો : એમસીએફટીમાં)

જીલ્લાની જરુરીયાત પૈકી રોજના 65 એમએલડી નર્મદાનું, 15 એમએલડી સસોઈ, આજી- 3માંથી 35 એમએલડી જેટલું પાણી ઉપાડવામાં આવે છે.

(સૌજન્ય : દીવ્યભાસ્કર 18-5-2017)

## અખબારી આયનામાં

***શીક્ષણ ક્ષેત્રે ક્રાંતી સર્જવાની વાતોનાં વડાં***

*ગુણોત્સવ-પ્રવેશોત્સવો પાછળ કરોડોનો ખર્ચ છતાં શાળાઓમાં 15243 ઓરડાઓની ઘટ છે. વનબંધુ કલ્યાણ યોજનાઓની ગુલબાંગો વચ્ચે આદીવાસી વીસ્તારોની શાળાઓમાં ઓરડાની ઘટનું પ્રમાણ સૌથી વધારે છે. ધારાસભ્યો દ્વારા પુછાતા સવાલના જવાબમાં શીક્ષણ મંત્રીએ લેખીતમાં જણાવ્યું છે કે આદીવાસીઓની બહુમતીવાળા દાહોદ જીલ્લામાં સૌથી વધારે 1249, બનાસકાંઠામાં 979, સાબરકાંઠામાં 831 અને પંચમહાલ જીલ્લામાં 803 ઓરડાઓની ઘટ છે ! આધુનીક તેમજ વૈશ્વીક કક્ષાનું શીક્ષણ આપવાની વાતો વચ્ચે આ 15243 ઓરડાની ઘટ છે એ બાળકો ક્યાં ભણતાં હશે ? ખુલ્લામાં, ઝાડ નીચે કે પછી એક જ ઓરડામાં બે-ત્રણ ધોરણના વીદ્યાર્થીઓ સાથે બેસાડીને ભણાવાતા હશે એમાં વૈશ્વીક કક્ષાનું આધુનીક શીક્ષણ ક્યાં એવું સરકારને કોણ પુછે ? (સૌજન્ય : ગુજરાત ટુડે, 12-5-17ના આધારે)*

***ગુજરાતમાં એક જ વર્ષમાં ગરીબોની સંખ્યામાં 2.47 લાખનો વધારો !***

*ગુજરાત વીધાનસભામાં કોંગ્રેસના દંડક શ્રી બલવંતસીંહ રાજપુત દ્વારા પુછાયેલા સવાલના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું કે રાજ્યમાં ગરીબ પરીવારો (બીપીએલ)ની સંખ્યા 2016ના આંકડા પ્રમાણે 30,24,837 છે.*

*અગાઉ વર્ષ 2013-14માં ગુજરાતમાં ગરીબ પરીવારોની સંખ્યા 60970 હતી, 2014- 15માં 24296 હતી, અને 2015-16માં 47062 ગરીબ પરીવારો તરીકે માન્યતા અપાઈ હતી. આ આંકડો એક જ વર્ષમાં એટલે કે 2016-17માં વધીને 2.94 લાખ થઈ ગયો છે. એટલે કે 2015-16ની સરખામણીમાં 2,47,742 પરીવારોનો વધારો થયો ! વાઈબ્રન્ટ ગુજરાત, ગતીશીલ ગુજરાતના દાવાઓ વચ્ચે વધતાં ગરીબ પરીવારોની સંખ્યા શું દર્શાવે છે ? (સૌજન્ય : દીવ્ય ભાસ્કર, 15-5-17ના આધારે)*

***સરકાર અદાણી, તાતા, એસ્સારની ચીંતામાં વ્યસ્ત છે !***

*પાવર પરચેજ એગ્રીમેન્ટ - પીપીએના રેટમાં કોઈ પણ સંજોગોમાં વધારો નહીં આપવાના સુપ્રીમ કોર્ટના ગ્રાહકલક્ષી સખત ચુકાદાને આવકારવાને બદલે ગુજરાત સરકાર અદાણી જુથ, તાતા જુથ અને એસ્સાર જુથને ઘુંટણીયે પડી છે. જ્યારે જ્યારે વીજળીના ભાવ વધારાની વાત આવે ત્યારે આ બાબત જર્કના કાર્યક્ષેત્રની હોવાનું બહાનું ધરી છટકી જતી સરકાર હવે ઉદ્યોગગૃહોની તરફેણમાં કેન્દ્ર સરકાર પાસે માર્ગદર્શન શા માટે માગી રહી છે ?*

કોર્ટના ચુકાદા પછી ઉદ્યોગગૃહોની આડોડાઈને કારણે હાલ રાજ્યની તીજોરી પર કરોડો રુપીયાનું ભારણ વધી રહ્યું છે. રાજ્ય સરકારે તેની કંપની ગુજરાત ઉર્જા વીકાસ નીગમ લીમીટેડ મારફતે પીપીએ કરીને અદાણી પાસેથી યુનીટ દીઠ 2.35ના ભાવે 2000 મેગાવોટ, તાતાના મુદ્રાના અલ્ટ્રા મેગાપ્રોજેક્ટમાંથી યુનીટ દીઠ 2.26ના ભાવે 1800 મેગાવોટ અને એસ્સાર પાવર લીમીટેડ પાસેથી યુનીટ દીઠ 2.40ના ભાવે 1000 મેગાવોટ ખરીદવા માટે 25 વરસના કરાર કરેલા છે. કોર્ટના ચુકાદા પછી આ ત્રણેય પાવર કંપનીઓ મોંઘા ભાવના આયાતી કોલસાને કારણે પોષાતું નથી, સસ્તો કોલસો અપાવો તો ઉત્પાદન કરીએ એવી આડોડાઈ કરી હાલ રાજ્ય સરકારને પુરતી વીજળી આપતી નથી. પંદર દીવસથી અદાણીએ વીજળી આપવાની બંધ કરી છે, ટાટા 1800 મેગાવોટને બદલે 1000 મેગાવોટ આપે છે અને એસ્સાર જુથ 1000 મેગાવોટને બદલે 500 મેગાવોટ આપી રહ્યું છે. આને કારણે, 25 વરસનાં પીપીએ હોવા છતાં રાજ્ય સરકારને દૈનીક જરુરીયાતના 3350 લાખ યુનીટમાં 180થી 200 લાખ યુનીટ ઓછાં મળવાથી પાવર એક્સચેન્જમાંથી રૂ. 3.50ના ભાવે ખરીદી કરવી પડે છે. તેનાથી રાજ્યને રોજના કરોડો રુપીયાનો આર્થીક બોજ પડી રહ્યો છે.

સંભાવના એવી છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી ગુજરાત સરકાર પોતાનાં માનીતાં ઉદ્યોગગૃહોને મદદ કરવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમીશન-સીઈઆરસી- પાસે નીયમનની તમામ સત્તાઓ હોવાનો ઉલ્લેખ કર્યો છે એનો લાભ લઈ, સીઈઆરસી નીયમન અંગેનો વીટો પાવર વાપરી સુપ્રીમના ચુકાદાની ઉપરવટ જઈ ત્રણે ઉદ્યોગગૃહોને મદદ કરવા તથા સીઈઆરસી પાસેથી નવેસરથી ચુકાદો માગવા ઉદ્યોગગૃહોના સંચાલકોને સાથે રાખી રાજ્ય સરકાર બેઠક બોલાવે તેવી સંભાવના છે. આ ઉદ્યોગગૃહોએ મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરીયાણા જેવાં રાજ્યો સાથે પણ પીપીએ કરેલાં હોઈ આ રાજ્ય સરકારોને પણ બેઠકમાં સાંકળવા પ્રયત્ન થઈ શકે !

સરકાર કોના હીતમાં વર્તી રહી છે ? રાજ્યના કે ઉદ્યોગગૃહોના ? (સૌજન્ય : સંદેશ, 12- 5-17ના આધારે)

**કચ્છના ડેમમાં નર્મદાનાં નીર ઠાલવવાનો કાર્યક્રમ, બોટાદ જેવું તો નહીં થાય ને ?**

વડાપ્રધાનશ્રી 23મી મેના રોજ ગાંધીનગરમાં આફ્રીકન ડેવલપમેન્ટ બેન્કની વાર્ષીક સામાન્ય સભાના ઉદ્ઘાટન સમારોહમાં આવવાના છે. વડાપ્રધાન ગુજરાત આવે ને ચુંટણીના વરસમાં એકાદ પ્રચારસભા ના ગોઠવે એવું તો કેમ બને ? કચ્છમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે 350 કીલોમીટર લાંબી બ્રાન્ચ કેનાલ બાંધવાની હતી. આટલાં વરસો પછી 214 કીલોમીટર સુધી નહેર બાંધી શકાઈ છે. 214થી 350 કીલોમીટર સુધીની કેનાલ બાંધવા માટે જમીન સંપાદન કરવાનું બાકી છે. આટલાં વરસો સુધી શું કર્યું એ નહીં પુછવાનું ! હવે ચુંટણીનું વરસ છે એટલે ગમે તેમ કરીને કચ્છના ટપ્પર ડેમમાં પાણી પહોંચાડવું છે. એને માટે યુદ્ધને ધોરણે તૈયારીઓ થઈ રહી છે. સવાલ એટલો જ છે કે એકવાર પાણી નાખવાનો દેખાડો થઈ જાય પછી ખરેખર બોટાદ જેવું તો નહીં થાય ને ? ત્યાં વચ્ચે આવતા ખેડુતોની પીટીશન ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થવાના સમાચાર છે. ઉતાવળ હોવાને કારણે વળતર ચુકવ્યા વગર જ જમીન સંપાદીત થતાં ખેડુતોને હાઈકોર્ટમાં જવું પડયું છે. ઉતાવળ કરવા જતાં કાયમી નહેર બાંધવાનું કામ જ લટકી ગયું, કચ્છમાં એવું તો નહીં થાય ને. ખેર, પછી જે થાય તે, ચુંટણીની વૈતરણી તરી જવાથી મતલબ ! (સૌજન્ય : સંદેશ, 11-5-17ના આધારે)

**15 વરસે હજી વળતર નથી મળ્યું !**

**ન્યાય જોઈતો હતો, બદલો નહીં, ન્યાય મળ્યો : બીલ્કીસ બાનો**

2002માં કોમી રમખાણોના ચકચારી બીલ્કીસ બાનો કેસનો ચુકાદો મુંબઈ હાઈકોર્ટે આપ્યો તેમાં 11 દોષીતોને આજીવન કેદની સજા આપી છે. કોર્ટના ચુકાદા પર પ્રતીભાવ આપતાં બીલ્કીસ બાનુંએ કહ્યું કે, મારે ન્યાય જોઈતો હતો, બદલો નહીં, હાઈકોર્ટે મને ન્યાય આપ્યો છે. ન્યાયતંત્ર પર જે ભરોસો હતો તે સાચો પડ્યો. ચુકાદાને હું આવકારું છું. પત્રકાર પરીષદને સંબોધતાં બીલ્કીસ બાનુએ ન્યાય અપાવવામાં સાથ-સહયોગ આપનારા વકીલો, કર્મશીલો સહીત તમામનો આભાર માન્યો હતો. ન્યાય મેળવવા લાગેલાં 15 વરસ દરમ્યાન અનેક પ્રકારની તકલીફો વેઠી છે. ન્યાય મેળવવા ક્યાં જવું ? બીજી તરફ સતત ધમકીઓ મળતી હતી. રાજ્ય સરકાર તરફથી કોઈ સહયોગ નહોતો તેથી સતત ઘર બદલતાં રહેતાં હતાં.

બીલ્કીસ બાનોના પતી યાકુબભાઈએ જણાવ્યું કે ન્યાય મેળવવા માટે અમારે અમારું જન્મસ્થળ ગુજરાત છોડીને અન્ય રાજ્યમાં જવું પડ્યું તે અમારે માટે તકલીફદાયક હતું. 10થી 15 વાર ગુજરાતમાં ઘર બદલવું પડ્યું. સુરક્ષાની માગ કરવા છતાં સરકારે આપી નહીં. ઘર બદલતા રહેવાથી મારા બાળકોને ચોક્કસ ક્યાં ભણાવવાં તે નક્કી રહેતું નહોતું. તેમણે કહ્યું કે 2002માં ઘટના ઘટી ત્યારે બીલ્કીસ બાનુના પેટમાં હતી તે બાળકી આજે 10મા ધોરણમાં આવી છે. મારાં બાળકોને વકીલ બનાવીશ અને સમાજમાં જ્યાં અન્યાય થતો હશે તે લોકો માટે મારાં બાળકો અવાજ ઉઠાવીને કાનુની લડત લડશે.

વળતર બાબતે યાકુબભાઈએ જણાવ્યું કે, રાજ્ય સરકાર વળતર આપે તેની રાહ જોઈ રહ્યાં છીએ. તેઓ નહીં આપે તો કોર્ટમાં જઈશું. કેસના ચુકાદા બાદ વકીલ શ્રી આર. કે. શાહ અને નયનાબેનનું અમદાવાદમાં સન્માન કરવામાં આવ્યું હતું. વકીલ શ્રી આર. કે. શાહે જણાવ્યું કે આ એક યુનીક કેસ હતો. દુષ્કર્મ કેસમાં બીલ્કીસ જ એકલી સાક્ષી હતી ત્યારે 22 દીવસ સુધી બીલ્કીસની સરતપાસ ચાલી હતી અને કેસમાં બીલ્કીસનો પુરાવો મહત્ત્વનો હતો. પીડીતા નીર્ભયા હોય કે બીલ્કીસ, ન્યાય મળવો જ જોઈએ. (સૌજન્ય : ગુજરાત ટુડે, 12- 5-17ના આધારે)

# 'ઈનકો પાલે કૌન ?' ગૃહ રાજ્ય મંત્રીનો સવાલ ગૌરક્ષાના નામે થતી ગુંડાગર્દીને છે ?

**સાગર રબારી**

ગૌવંશની કતલ પર પ્રતીબંધ મુકવાની માગણી સત્તાધારી પક્ષનાં સાથી સંગઠનો એક યા બીજા પ્રસંગે ઉઠાવતાં રહ્યાં છે. ગાયને ધાર્મીક લાગણી સાથે જોડીને, લાગણીની આળપંપાળ થકી સત્તામાં આવેલા પક્ષને હવે ધીરે ધીરે પણ 'અર્થ' - પૈસાનું ગણીત સમજાવા માંડ્યું લાગે છે. કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી હંસરાજ આહીરે ઈન્ડીયન એક્સપ્રેસને તા. 21-4-17ના રોજ આપેલા ઈન્ટરવ્યુમાં જવાબમાં પ્રશ્નાર્થ મુક્યું કે ગૌવંશની કતલ પર પ્રતીબંધ મુકવામાં સૌથી મોટી અડચણ છે, એને પાળે કોણ ? (ઈસ મેં સબ સે બડા અડંગા હૈ કી ઈનકો પાલે કૌન ?)

હાલ વાર્ષીક 1 કરોડ ગાયો કતલખાને જવાનો અંદાજ છે, સંપુર્ણ પ્રતીબંધ મુકાય અને ગાયની કતલ સદંતર બંધ થાય તો દર વરસે એક કરોડ ગાયો બચે. કતલખાનેથી બચી જનારી આ 1,00,000 (એક કરોડ) ગાયોને પશુપાલકો / ખેડુતો ઘરે રાખી સાચવશે કે પછી શહેરો-ગામડાંના રસ્તાઓ પર રઝળતી મુકશે ? જો સાચવવા ઈચ્છે તો સાચવી શકશે ? ના સાચવે ને રસ્તે રઝળતી મુકે તો શું ? એ સંદર્ભમાં મંત્રીશ્રીએ શંકા વ્યક્ત કરી છે કે એને પાળે કોણ ? દુધ ના આપતી, વેતર વટાવી ગયેલી એ ગાયો માટે બીજા શબ્દોમાં મંત્રીશ્રી કહે છે કે એ ગાયોને હેરાફેરી કરનારા અને કતલખાનાના માલીકોથી બચાવીએ તો ખાતરી શું કે પશુપાલકો / ખેડુતો એ ગાયોને પાળશે જે એમના માટે બીનઉપયોગી બની ગઈ છે, કોઈ અર્થઉપાર્જન આપતી નથી.

ગાય પાળવાનું ગણીત સમજવાનો અહીં પ્રયાસ છે, કોઈની આળી ધાર્મીક લાગણી દુભાવવાનો નહીં.

300 કીલોગ્રામ આસપાસનું વજન ધરાવતી સાધારણ ગાયને ટકાવી રાખવા માટે રોજ 6-7 કીલો ડાંગર / ઘઉંનું ભુંસું, 5 કીલો લીલુ ઘાસ (જુવાર, બાજરી, શેરડીનાં ટોચનાં પાંદડાં વ.) 1થી 1.25 કીલો ખોળ (મગફળી, કપાસ વ.નો.) આપવું પડે. જો ગાય દુધ આપતી હોય તો એને દર લીટર દુધ પ્રમાણે 400-500 ગ્રામ ખોળ વધારે આપવો પડે. આ બધાનો સરવાળો કરીએ તો દુધ ના આપતી ગાય માટે રોજના ઓછામાં ઓછા રુપીયા 60 ખર્ચાય. (ગૌચર તો ઉદ્યોગોને ધરવી દીધાં, ત્યારે ગાય માતાનો વીચાર સુદ્ધાં ના કર્યો, કદાચ 'રોકડા'ની વાત આવે ત્યારે 'વીકાસ'ની મા બદલાતી હશે, ખેર, એ જુદી વાત છે.) જ્યારે આટલા ખર્ચની વાત આવે ત્યારે સ્વાભાવીક જ પશુપાલક / ખેડુત માટે દુધ આપતી ગાય ખોરાક આપવામાં પ્રાથમીકતા હોય, એ પછી ગાભણી (સગર્ભા) ગાયનો વારો આવે. એ પછી વારો આવે વાછરડીઓનો જે

***વાતો ડીજીટલ ઈન્ડીયાની, આંકડાનાં ઠેકાણાં નથી !***

*ગુજરાત સરકારે ત્રણ વર્ષ કરતાં વધારે સમયથી ગરીબ અને સામાન્ય વર્ગના 3.24 કરોડ નાગરીકોનો અન્નનો અધીકાર છીનવી લીધો છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની ફટકાર બાદ ભાજપ સરકારને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધીકાર કાયદો 2013 લાગુ કરવાની ફરજ પડી છે ત્યારે સરકાર કાયદાનું નામ બદલવા વીચારી રહી છે. જરુર કાયદાનું નામ બદલવાની નહીં, માનસીકતા બદલવાની છે, કાયદાનો અમલ કરવાની છે. વર્ષ 2013માં કેન્દ્ર સરકારે ગરીબ અને સામાન્ય વર્ગના પરીવારોને અન્ન સુરક્ષા કાયદા-2013 હેઠળ આવરી લઈ તમામને અન્ન મળે તે નીશ્ચીત કર્યું હતું. ગુજરાતમાં લક્ષીત જાહેર વીતરણ વ્યવસ્થા હેઠળ અંત્યોદય યોજના, ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબો માટેની યોજના (બીપીએલ), ગરીબી રેખાથી ઉપરનાં કુટુંબો માટેની યોજના (એપીએલ) અસ્તીત્વમાં છે.*

*ગુજરાત સરકારે 1993-94ના સર્વેને ધ્યાનમાં રાખી 21.2 લાખ કુટુંબોની સંખ્યા અન્ન અને નાગરીક પુરવઠા વીભાગે નીર્ધારીત કરી છે. રાજ્ય સરકારના આરોગ્ય વીભાગે 38 લાખ કુટુંબોની સંખ્યા લાભાર્થી તરીકે નીર્ધારીત કરી છે, જ્યારે રાજ્ય સરકારની અન્ય એક ગણતરી મુજબ 40 લાખ કુટુંબોની સંખ્યા લાભાર્થી તરીકે જાહેર કરી છે. આમાં ગરીબોનો સાચો આંકડો કયો ?*

*ડૉ. મનીષ દોશીએ આક્ષેપ કરતાં કહ્યું કે ડીજીટલ ઈન્ડીયાની વાતો કરતી સરકાર જાહેર વીતરણ વ્યવસ્થામાં સાચા ગરીબ લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં, ચોખા ખાંડ અને કેરોસીન નીયમ મુજબ આપે. (સૌજન્ય : દીવ્ય ભાસ્કર, 11-5-17ના આધારે)*

**જવાબદારી**

*હાલ મુ. ઈન્દુભાઈ લાંબા પ્રવાસમાં હોવાથી બે અંક તૈયાર કરવાની જવાબદારી સ્વીકારી. સ્વાભાવીક જ અંકની ગુણવત્તા સહિત એમાં રહેલી તમામ ત્રુટીઓની જવાબદારી પણ મારી જ. ત્રુટીઓની જવાબદારી સ્વીકારવા સાથે આગોતરી ક્ષમા ચાહુ છું.* **– સાગર રબારી**

થોડા સમયમાં ગાભણી થઈ દુધ આપતી થવાની હોય. 5-6 વેતર પછી ગાયનો ઉતરતો સમય શરુ થાય. જે દુધ આપતી બંધ થઈ છે અથવા જેનાં વેતર પુરાં થવામાં છે એ ગાયોનો ક્રમ ખોરાક મેળવવામાં પાછળ આવે. આ બધામાં સૌથી છેલ્લે વાછરડા આવે, મોટે ભાગે તો એમને છુટા રઝળતા જ મુકાય. હવે, ટ્રેક્ટર, ડીઝલ પંપ અને ઈલેક્ટ્રીક મોટરે બળદનું કામ છીનવી લીધું તો બીજી તરફ કૃત્રીમ ગર્ભધાન થવા માંડ્યું ત્યારથી ખુંટની જરુરીયાત પણ ઘટતી ચાલી. આમ, ખેતીમાં એમનો ઉપયોગ નહીવત્ છે, એવા સંજોગોમાં પોષવાને બદલે છુટા મુકવાનો વીકલ્પ ખેડુતો / પશુપાલકો વધારે અપનાવતા થયા.

## બે વીરોધાભાસ...

**પહેલા સમાચાર :** દેશમાં ગાયોને આધારકાર્ડ આપવામાં આવશે, જેનો ખર્ચ 148 કરોડ રુપીયા થશે...

**બીજા સમાચાર :** ભારતની ધરતી પરથી ગરીબીનાં મુળીયાં ઉખાડી શકાયાં નથી. વીશ્વ બેંકનો ઑક્ટોબર, 2016નો અહેવાલ કહે છે કે, ભારત દુનીયામાં સૌથી વધારે ગરીબોની સંખ્યા ધરાવતો દેશ છે. એટલે કે ગરીબોની વસ્તીમાં નં-1 છે ! દેશની વસ્તીના 30 ટકા વૈશ્વીક ગરીબી રેખા-રોજના 1.90 યુ. એસ. ડોલરથી - ની નીચે છે, 30 ટકા ભારત ગરીબ છે ! અહીં રોજના 20 રુપીયામાં જીવનારા સચ્ચર સમીતીના રીપોર્ટની વાત નથી. એ આધારે તો પોણાભાગનું ભારત ગરીબીમાં સબડે છે.

આમાં સરકારની અગ્રતા શું ? ગાય કે ગરીબ ?

પશુ સંખ્યામાંથી દર વરસે 22-23 મીલીયન પશુઓ બીન-ઉત્પાદક થાય છે, ફારેગ થાય છે એ હકીકત છે. ચાહે એ કુદરતી મૃત્યુ હોય કે પછી કતલખાને. આ વાત એનાથી પણ સાબીત થાય છે કે છેલ્લા ત્રણ દાયકાથી દેશમાં પશુ સંખ્યા વધતી નથી, વધવાને બદલે સાધારણ ઘટી છે. 1992માં 204.58 મીલીયન હતી તે 2012માં ઘટીને 190.90 મીલીયન થઈ ! આમાં સ્વાભાવીક જ ભેંસની કતલ વધારે થવાની. કારણ, એના પર કોઈ પ્રતીબંધ નથી. પશુપાલન, ડેરી અને મત્સ્ય વીભાગના આંકડા કહે છે કે 2013-14માં 9.74 મીલીયન ભેંસોની અધીકૃત કતલખાનામાં કતલ થઈ હતી. એમાં અનધીકૃત કતલ

ગૌરક્ષકો અને કર્મશીલોને ગમે કે નહીં, પરંતુ વાસ્તવીકતા એ છે કે, અનુત્પાદક કક્ષામાં આવી જતી ગાય અને વાછરડા નીભાવવાનો ખર્ચ તો છે જ. સાથે સાથે, ઉનાળાના વખતે દરેક ઠેકાણે રાડ પડાવતા પાણી-ઘાસચારામાં એ અનુઉત્પાદક પશુઓ ભાગ પડાવે છે. એટલે, ખેડુત / પશુપાલકના દૃષ્ટીકોણથી વીચારીએ તો -

2012ની ઢોર ગણતરી અનુસાર ભારતમાં 190.90 મીલીયન (19 કરોડ 90 લાખ) ઢોર હતાં, એમાં 122.98 મીલીયન માદા અને 67.92 નર હતાં. નવા જન્મેલા માદા વાછરડાંના પહેલાં વેતરને લગભગ 3 વરસનો સમય લાગે, અને બીજાં 5 વરસ સુધી એ પુરતા પ્રમાણમાં દુધ આપે. બળદ સામાન્યત: 11-12 વરસની ઉંમર સુધી ખેતીમાં કામ લાગે છે. પરંતુ 1992થી 2012ના વીસ વરસના સમયગાળામાં એમની સંખ્યા 101.60 મીલીયનથી ઘટીને 67.92 મીલીયન થઈ ગઈ એ દર્શાવે છે કે ખેતી અને ખેડુતો માટે એનો ઉપયોગ લગભગ નહીવત્ બન્યો છે. સાદા શબ્દોમાં કહીએ તો ખેડુતો / પશુપાલકો માટે, માદા કે નર, પશુ 8-9 વરસ પછી ઉત્પાદક રહેતું નથી, ભલે એ 14-15 વરસ જીવે.

આ હીસાબે જોઈએ તો 190 મીલીયન લગભગની ઉમેરીએ તો લગભગ, કુલ 108.70 મીલીયન ભેંસોના દસમા ભાગની કતલ થઈ હતી. એની સામે જ્યાં ગાયની કતલની પરવાનગી છે એવાં રાજ્યોમાં 3.20 મીલીયન ગાયોની કતલ થઈ હતી, જે કુલના 1.7 ટકા થાય છે. હા, અનધીકૃત કતલ એના કરતાં ઘણી વધારે હોઈ શકે. એટલે અનુમાન લગાવી શકાય કે વરસે ઉત્પાદનમાંથી નીકળી જતાં 22-23 મીલીયન પશુઓ પૈકી 10-11 મીલીયન પશુઓની અધીકૃત કે બીન-અધીકૃત રીતે કતલ થાય છે.

હવે જો ગૌવંશની કતલ પર રાષ્ટ્રીયસ્તરે કડક પ્રતીબંધ મુકાય તો, ઉત્પાદનમાંથી નીકળતાં ને કતલ થતાં બચી જનારાં 10 મીલીયન પશુઓની કોઈકે તો કાળજી કરવી પડશે, સંભાળ રાખવી પડશે. એ કોઈક પશુપાલકો / ખેડુતો તો નહીં જ હોય. જ્યાં ખુદને ફાંફાં હોય ત્યાં અનુત્પાદક પશુઓ પાછળ ગમે તેટલી ઈચ્છા હોય તોય ક્યાંથી લાવીને ખવડાવે ? જે ના તો પશુપાલન કરે છે કે ના ખેતી, એમની અને ખેતી કે પશુપાલન કરનારાઓ વચ્ચે આર્થીક, વાસ્તવીક અને ધાર્મીક લાગણીઓમાં ફેર છે. જે ઉત્પાદન નથી આપતું એવા પશુને ભલે એ વેચીને 10,000 - 12,000 રુપીયા કમાઈ ના શકે તો કમ સે કમ એને રેઢું રઝળતું મુકીને

રોજના ખર્ચાના 60 રુપીયા બચાવવા મથશે.

મંત્રીશ્રીનો સવાલ એ સંદર્ભમાં પણ છે કે, શહેરોમાં રઝળતાં, ટ્રાફીક અવરોધતાં આ પશુઓ સાથે કેમ કામ પાડવું ? સરકાર એનો ઉકેલ સુચવે છે કે વાઘ-સીંહનાં અભ્યારણ્યોની જેમ 'ગાયનાં અભ્યારણ્યો' દરેક રાજ્યમાં બનાવવાં. વાઘ/સીંહ હજારની સંખ્યામાં છે જ્યારે આ તો 10 મીલીયન (1 કરોડ)ની સંખ્યા છે. એના રોજના 60 રુપીયા લેખેનો નીભાવ ખર્ચ ગણીએ તો દર વરસે લગભગ 22,000 કરોડનો આંકડો થાય. વળી, 14-15 વરસે એ કુદરતી મૃત્યુને ભેટે ત્યાં સુધી દર વરસે એમાં નવાં પશુઓ ઉમેરાય એમ ખર્ચનો આંકડો પણ વધવાનો.

એટલે જ, ગૌરક્ષાની ટુંકા સમય માટે તાત્કાલીક રાજકીય-ધાર્મીક અપીલ હોવા છતાં, બીનઉત્પાદક પશુઓના ઉકેલની ગોઠવાયેલી વ્યવસ્થાને છંછેડવાની આર્થીક અસરને લાંબો વખત અવગણી શકાય એમ નથી જ. એની સીધી અસર દેશના ડેરી ઉદ્યોગ ઉપર પડવાની પુરી સંભાવના છે. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીનો સવાલ આ સંદર્ભમાં છે, પશુપાલકો / ખેડુતોની મુંઝવણ છે, 'ઈસકો પાલે કૌન ?'

(સૌજન્ય : ઈન્ડીયન એક્સપ્રેસ, તા. 24-4-2017ના હરીશ દામોદરનનો લેખ - 'What it might cost to save gauvansh countriwide.')

❑

# રાષ્ટ્રપતીની ચુંટણી અને લોકશાહીનો તકાજો

**યશવન્ત મહેતા**

હવે, જુલાઈ, 2017 સુધી દેશમાં જે ઘણા મુદ્દા ચર્ચામાં રહેશે (અને ચીંતામાં રહેશે) એમાંનો એક નવા રાષ્ટ્રપતીની ચુંટણીનો છે. વર્તમાન રાષ્ટ્રપતી પ્રણવ મુખરજી આજીવન કોંગ્રેસી હતા. વડાપ્રધાનના પદને માટે લાયક હતા. પરંતુ કોંગ્રેસ હાઈકમાન્ડ જ જાણે એવાં કારણોસર, એમને એ પદે સ્થાપવામાં ન આવ્યા; 'મૌન' ગણાતા મનમોહન સીંહને વડાપ્રધાન બનાવવામાં આવ્યા, અને જેવી તક મળી કે તરત હાઈ કમાન્ડે એમને રાષ્ટ્રપતીને પદે ગોઠવ્યા. એમની બેનમુન કાબેલીયત અને પ્રજ્ઞાનો નમુનો એ છે કે ગત ત્રણ વર્ષોથી કેન્દ્રમાં બીનકોંગ્રેસ સરકાર હોવા છતાં એની સાથે એ સંઘર્ષમાં નથી આવ્યા. કન્ફ્રન્ટેશન નથી કર્યું. હા, જરુર જણાઈ ત્યાં દેશના દાદા તરીકે ટકોર જરુર કરી છે. પરંતુ સુદીર્ઘ રાજકીય અનુભવ પછી તે એટલું તો સમજ્યા હોય કે લોકસભામાં બહુમતી ધરાવનાર રાજ્યના ઔપચારીક વડાએ સંઘર્ષમાં આવવાનું નથી હોતું. આગળના વાક્યમાં આપણે રાષ્ટ્રપતીને 'દાદા' કહ્યા. એ શબ્દનો પારીવારીક સંદર્ભ લઈએ તો, રાષ્ટ્રપતી પરીવારના નીવૃત્ત દાદા છે અને વડાપ્રધાન પરીવારના મોભી છે. (પીતા તરીકે પોતાને ગણે તો ઘણું સારું. પરંતુ હાલના સંજોગોમાં એ શક્ય લાગતું નથી.) પરીવારમાં દાદાની ભુમીકા માત્ર સલાહ આપનાર તરીકેની હોય છે, જે સલાહની પણ પરીવાર લગભગ હમેશાં ઉપેક્ષા કરે છે !

આમ છતાં, પ્રણવદાની બીન-સંઘર્ષની રીતી જોઈને કોઈક ખુણે સુચન થયું છે કે એમને જ બીજીવાર રાષ્ટ્રપતી બનાવવા જોઈએ. બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ તો વીધીસર સુચન કર્યું છે કે એમને પુન: રાષ્ટ્રપતી બનાવીએ. પરંતુ માત્ર કોંગ્રેસ સીવાય અન્ય કોઈનો આવી દરખાસ્તને ટેકો મળે એમ નથી. હાલમાં જે સૌથી વધુ શક્તીશાળી પાર્ટી/વ્યક્તી છે તેને તો એ સ્વીકાર્ય જ ન બને. આપણે અને ઈતીહાસે માત્ર એટલી જ નોંધ લેવાની રહેશે કે પ્રણવ મુખરજીને પુન: રાષ્ટ્રપતી બનાવવાનું સુચન થયેલું.

નવા રાષ્ટ્રપતીની ચુંટણીને સંદર્ભે જે સૌથી મહત્ત્વની વાત છે એ તો એ ચુંટણી અંગે થનાર રસાકસીની છે. આ ચુંટણી માટે લોકસભા, રાજસભા અને રાજ્યોની વીધાનસભાઓ સહીત દરેક ધારાગૃહના દરેક સભ્યના મતનું મુલ્ય જે તે ધારાગૃહની સભ્યસંખ્યા જેટલું હોય છે. એટલે કે લોકસભાના દરેક સભ્યના મતનું મુલ્ય 545 જેટલું છે. ગુજરાત રાજ્યના દરેક ધારાસભ્યના મતનું મુલ્ય 182 છે. ઉત્તર પ્રદેશ વીધાનસભાના દરેક સદસ્યનો એક મત બરાબર રાષ્ટ્રપતી માટે 403 મત !

હવે, દેશમાં ત્રણ પ્રકારના રાજકીય જુથો છે. એક

જુથ ભારતીય જનતા પાર્ટી (ભાજપા)ની આગેવાની હેઠળનું રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (નેશનલ ડેમોક્રેટીક એલાયન્સ-એનડીએ) અને બીજું જુથ કોંગ્રેસની આગેવાની હેઠળનું સંયુક્ત પ્રગતીશીલ ગઠબંધન (યુનાઈટેડ પ્રોગ્રેસીવ એલાયન્સ - યુપીએ) છે.

ત્રીજું આ બેમાંથી એકેયની સાથે ગઠબંધનથી નહી જોડાયેલાઓનું જુથ છે. આમાં તૃણમુલ કોંગ્રેસ, બીજુ જનતાદળ (બીજેડી), તેલંગણા રાષ્ટ્ર સમીતી (ટીઆરએસ) વગેરેનો સમાવેશ થાય છે. વીભીન્ન વફાદારીઓ અને એમના ફાળાના મતોની સંખ્યા ગણતાં એનડીએને બહુમતી હાંસલ કરવા માટે આ ત્રીજા જુથમાંથી બે અગર ત્રણેય જુથ સાથ આપે તો એ ગઠબંધનના ઉમેદવારની જીત થાય. આથી આ ત્રીજા વર્ગના મતદારો સાથે સામ, દામ, દંડ, ભેદના પ્રયોગો વડે ઘણા મત તોડવાની પેરવીઓ ચાલે છે. એનડીએવાળા એ માટે મરણીયા પ્રયાસો કરશે, કારણ કે શાસન કે સમાજને કોઈ પણ સ્તરે વીરોધ સહી લેવાનો એનો સ્વભાવ નથી. એક અહેવાલ પ્રમાણે, બીજેડીને તો એનડીએના ઉમેદવારને મત આપવા મનાવી પણ લેવાયેલી છે. એ માને કે ટીઆરએસ માને કે અન્ય કોઈ માને. આ લખાય છે તે ક્ષણ સુધી તો એનડીએના જે કોઈ ઉમેદવાર હોય એમની જીત અમને નીશ્ચીત લાગે છે.

અલબત્ત, સોનીયા ગાંધી અને કોંગ્રેસ તથા જનતાદળ યુનાઈટેડ (જેડીયુ)ના નીતીશકુમાર વગેરે સામે પક્ષે શક્ય તેટલા વધારે મત એકત્ર કરવા પ્રયત્નશીલ છે. તા. પહેલી મેને દીવસે કેટલાક બીન-ભાજપાઈઓ દીલ્હીમાં મળ્યા હતા. નીમીત્ત તો સમાજવાદી આંદોલનના એક પુર્વ અગ્રણી મધુ લીમયેને યાદ કરવાનું હતું, પરંતુ ઉદ્દેશ રાષ્ટ્રપતીની ચુંટણી અંગે વીરોધી મતોનો તાગ લેવાનો હતો. તેઓ કેટલા લોકોને (પક્ષોને) એકત્ર કરી શકે છે એને આધારે રાષ્ટ્રપતીની ચુંટણીનું ચીત્ર દોરાશે. અલબત્ત, એ તાત્કાલીક પરીણામ હશે. એકત્રીકરણનું ખરેખરું પરીણામ તો 2019ની લોકસભા ચુંટણીઓમાં જણાશે.

જોકે કહેનારા સાચું જ કહે છે કે બીન ભાજપાઈ અને બીન એનડીએ પક્ષોના એકત્રીકરણનું કામ લોખંડના ચણા ચાવવા કરતાંય અઘરું છે. આમાંના લગભગ દરેક પક્ષને કોંગ્રેસ સામે ખાર છે. પોતાની મહાશક્તીના દીવસોમાં કોંગ્રેસે આ બધાના પગ કચડેલાં છે ! હમણાં, તા. સાતમી મે (2017)ને દીવસે સમાજવાદી ભીષ્મ પીતામહ મુલાયમસીંહ શું બોલ્યા ? મને મારા દીકરા પર ગુસ્સો છે કે એણે કોંગ્રેસ સાથે હાથ મેળવ્યા. કોંગ્રેસે મને અને મારા સાથીઓને હેરાન કરવામાં કશું બાકી રાખ્યું નથી ! મુલાયમના આ લોહીઉકાળા પછી ખુદ સમાજવાદી પાર્ટીમાં પણ દીકરા અખીલેશની સાથે કેટલા રહેશે એ સવાલ છે. તો ઓરીસ્સાના બીજુ જનતા દળવાળા કે તેલંગણાના નેતાઓ કોંગ્રેસની સાથે બેસી શકશે ? તેલંગણાનું અલગ રાજ્ય બનાવવા અંગે કોંગ્રેસે જે અવઢવ દર્શાવેલી તે આ લોકો ન જ ભુલે.

વળી, આ લોકો રાષ્ટ્રપતીપદ માટેના ઉમેદવાર તરીકે કોને પસંદ કરે એ પણ પ્રશ્ન છે. ચર્ચાઓ શરુ થતાં જ નેશનલીસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારનું નામ આવ્યું હતું. એક મત પ્રણવ મુખરજીને પુનઃ ખડા કરવાનો છે. તાજેતરમાં એક નામ ગાંધીજીના પૌત્ર, વીદ્વાન, પુર્વ રાજ્યપાલ અને વાજબી માણસ ગોપાલ ગાંધીનું વાંચવા મળ્યું. આ બધામાંથી પણ ચુંટણી લડવા (અને લગભગ અનીવાર્યપણે હારવા) કોણ તૈયાર થાય, એ પણ પ્રશ્ન છે.

અલબત્ત, ખુદ એનડીએ માટે પણ ઉમેદવારની પસંદગી આસાન લાગતી નથી. ઘણા સમય અગાઉ પીઢ ભાજપાઈ નેતા અને રામમંદીર - આંદોલનના પ્રણેતા તેમજ નાયબ વડાપ્રધાન બનેલા એલ. કે. અડવાણીનું નામ ઉછળ્યું હતું. પરંતુ હાલની ટોચની નેતાગીરી એમની પસંદગી સ્વીકારે એ શક્ય નથી. 2013માં જ્યારે આગામી એનડીએ વડા પ્રધાનના નામનો મુદ્દો ચર્ચાઓ ત્યારે અડવાણીએ જે રુપ અપનાવેલું તે જલદી ભુલાય નહીં. વળી, તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે બાબરી મસ્જીદના ધ્વંસના મુકદ્દમાને ચલાવવાની અને એના આરોપીઓનાં નામોની જાહેરાત કરી એમાં એલ. કે. અડવાણીનું નામ છે. જેની સામે અદાલતમાં ફોજદારી કેસ ચાલતો હોય એને રાષ્ટ્રપતીના પદ માટે ઉમેદવાર તરીકે પેશ કરવાથી કઈ અને કેટલી ટીકા થાય એ કલ્પી શકાય એમ છે.

અમને લાગે છે કે બાબરી મસ્જીદના ધ્વંસવાળો આ મુકદ્દમો મુરલી મનોહર જોષી, ઉમા ભારતી અને કલ્યાણસીંહની ઉમેદવારીની સંભાવના પર મીંડું મુકી દે છે.

એક પ્રખર નામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતનું ચમક્યું છે. ઘણાખરા વીચારકોને મતે આજે દેશમાં શાસન ખરેખર તો

આરએસએસનું છે. નાગપુરને ઈશારે જ બધાં પગલાં લેવાઈ રહ્યાં છે એ નાગપુરના વડાને જ દીલ્હીમાં પણ વડા બનાવવામાં આવે તે કદાચ કોઈનેય અજુગતું નહી લાગે. જો કે વચ્ચે સમાચાર હતા કે આ સજ્જને આવી કશી ઉમેદવારી કરવાનો ઈન્કાર કર્યો છે.

ભાજપા-એનડીએનાં અન્ય સંભવીત ઉમેદવારો તરીકે ત્રણ મહીલાઓનાં નામ પણ અનુક્રમે છે. એ છે હાલનાં વીદેશમંત્રી સુષમા સ્વરાજ, લોકસભાનાં અધ્યક્ષ સુમીત્રા મહાજન અને ઝારખંડનાં ભાજપાઈ આગેવાન દ્રૌપદી મુર્મુ.

કોઈ એમ પણ કહી શકે કે જ્યારે દેશમાં ધર્મરાજ્ય થવાનું છે ત્યારે, એના એક મોટા ચરણરુપે કોઈ ધર્મવ્યવસાયીને પણ રાષ્ટ્રપતી બનાવી શકાય. શ્રી શ્રી રવીશંકર, સ્વામી રામદેવ, સાધ્વી ઋતંભરા વગેરે વગેરે આવાં નામ છે. અન્ય પણ અનેક 'બાપુઓ' છે જેમને ઈશારે બડી બડી સેનાઓ તલવાર તાણીને ખડી થઈ જાય.

પરંતુ, રાષ્ટ્રપતીની આગામી ચુંટણી અને તે પછી 2019ની લોકસભા માટેની ચુંટણી ભારતીય રાજકારણને તથા ખાસ કરીને કોંગ્રેસને એક પાઠ ભણાવશે. પાઠ છે : લોકશાહીમાં આપણો વીરોધ કરનારા સાથે મધ્યયુગીન રજવાડાં જેવો યાને દુશ્મનાવટનો વ્યવહાર ન કરાય. આને - તેને સર્વથા ખતમ કરી નાખવાની કે બંગાળી ઉપસાગરમાં નાખી દેવાની ભાષા અને કૃતી જેને અપનાવવી હોય તે અપનાવે. લોકશાહીમાં તો ઈતર પક્ષો સાથે અચ્છાઈની સ્પર્ધા હોય. વધુ ઉપકારક કાર્યક્રમની સ્પર્ધા હોય. વધુને વધુ જનસુખાકારીની સ્પર્ધા હોય. સામાજીક સમરસતા અને સાર્વત્રીક સૌહાર્દ તથા શાંતી પોષવાની સ્પર્ધા હોય. કોંગ્રેસનો નેતા સમાજવાદી નેતાને એટલું જ કહે કે અમને ચુંટાવા દો - સાચો સમાજવાદ અમે લાવીશું. અમારા કાર્યક્રમ તમને સારા-સાચા લાગે તો સાથ આપજો. પછીની ચુંટણી વેળા જનતા આગળ અમારાથીય વધારે સારા કાર્યક્રમ પેશ કરીને ચુંટાજો તમતમારે ! અને હા, તમે હાર્યા એ બદલ તમારી મશ્કરી નહીં કરીએ. તમે અમારી સામે સ્પર્ધા કરી એ બદલ તમારા પર અગડંબગડ આરોપો નહીં મુકીએ.

સો વાતની એક વાત : સાચી લોકશાહીનો તકાજો છે કે અન્ય પક્ષોને વધુ સારું કામ કરવા માગતા હરીફ ગણવાના હોય. દુશ્મન નહી.

તા. 9-5-2017

yeshwant.mehta.1938@gmail.com

❑

# વહુ ભી કભી સાસકો...


ગાર્ગી વૈદ્ય


સાસુ-વહુના સંબંધોમાં હકારાત્મક યાને રચનાત્મક બદલાવ આવી રહ્યા છે, એવું લખ્યાને પછીને જ અઠવાડીયે અમારા પડોશની હેતા દીકરીએ માત્ર જુવાનડીઓ માટેના એક ખાસ પ્રકારની કસરતના વર્ગો શરુ કર્યા. અમારાથી સ્વયમેવ ઉચ્ચારાઈ ગયું : 'અચ્છા, તો તમે સાસુઓની સામે ઝઝુમવા માટે વહુઓને તૈયાર કરો છો, એમ ને ?'

છોકરીઓ હસી પડી. કહે કે ના, અમારો એકમાત્ર હેતુ શારીરીક સ્વસ્થતાનો અને રોગપ્રતીકાર ક્ષમતા વધારવાનો છે. હેતા દીકરી અને એની વહુ ટોળકીનો ઉદ્દેશ ખરેખર એટલો જ હશે એમ માનવામાં અમને કશો વાંધો નથી. આ ટોળકી તો શાણી દીકરીઓની જ છે. પરંતુ હેતાના આ તોફાને અમને વળી સાસુ-વહુના એ સંબંધોની યાદ આપી, જે હમેશાં સારા રહ્યા નથી. અથવા કહો કે એકંદરે ખરાબ જ રહ્યા છે. ક્યાંક કોઈક આદર્શ સાસુનાં ઉદાહરણ હશે; પરંતુ એકંદરે તો વહુએ સાસુના જુલમનો ભોગ જ બનવાનું બન્યું છે.

પણ સારી વાત એ છે કે જુલમ-જહાંગીરીના એ સમગ્ર યુગમાં પણ વહુઓ ક્યારેક સામનો કરતી રહી છે. ક્યારેક વધારે પડતી સાસુ પર એકાદ જબરી વહુએ જબરું વેર પણ વાળ્યું છે. લોકગીતોમાં અને લોકવાર્તાઓમાં એનાં ઉદાહરણ જોવા મળે છે.

એક લોકગીતની બે પંક્તીઓ છેક નાનપણથી આજેય યાદ છે. સાસુ-વહુને કશીક વાતે ઝઘડો થાય છે અને -

*સાસુએ લીધું ઉપળું*
*અને વહુએ લીધી ઈસ,*
*ઉપળું તો ટુંકું પડે,*
*પણ ઈસ પડાવે ચીસ !*

જુના જમાનાના ખાટલાની બે બાજુનાં લાકડાં ઈસ કહેવાતાં અને ઉપર-નીચેનાં લાકડાં ઉપળાં કહેવાતાં. સૌ જાણે છે કે ઉપલાં કરતાં ઈસ વધારે લાંબી હોય. એટલે વહુની લાંબી ઈસ પડાવે ચીસ, એ માની શકાય.

જોકે વાતનો સાર એ છે કે ક્યારેક કોઈ મગરુર

વહુઓ પણ પાકતી, જે સાસુને ઈંસ વડે ધીબીને ચીસ પડાવી દેતી !

સાવ નાનપણમાં બા પાસે સાંભળેલી વહુની જબરાઈની વાર્તા યાદ આવે છે. વાર્તા જ્યારે મુખામુખ કહેવાય ત્યારે એના શીર્ષકનો અવકાશ નથી રહેતો. છતાં આ વાર્તાનું શીર્ષક 'આવું રુડું કોણે કર્યું ?' હોઈ શકે.

વાર્તા વાંચીએ -

ગામડું ગામ છે. ખેડુ પરીવાર છે. ઘરધણી ગુજરી ગયા છે. પણ પટલાણી કડેધડે છે. પટલાણીને પાટડા જેવા પાંચ પાંચ દીકરા છે. પાંચેયને પરણાવ્યા છે અને કંકુના ઢગ જેવી પાંચ પાંચ વહુઆરુઓ ઘેર આવી છે.

પરીવારને બહોળી ખેતી છે. સારી ઉપજ છે. પણ પટલાણીનો સ્વભાવ દુકાળીયો છે. એ પાંચેય વહુઓને કામે જોતરે છે. ખેતરનાં કામો માટે સાથી-દાડીયા રાખવાના કેવા ! વહુઓ છે ને ! અરે, ક્યારેક હળે જોડવા માટે એકાદ ઢાંઢો ઓછો પડે તો વહુને જોતરાવે છે.

જેવું ખેતીના કામમાં એવું જ ઘરના કામમાં ! ઘેર દસેક દુઝણાં છે. એમની સારસંભાળ વહુઓ કરે. કેડ દુખી જાય એટલાં દળણાં દળાવે. ઘડીક નવરાશ મળે ત્યાં રેંટીયા-કાંતણનો હુકમ થાય !

એકે વહુ ઘડી પણ નવરી પડવી ન જોઈએ. જો જરાક ઢીલી પડે, જો જરાક વાત કરે, જો જરાક ડોલું ખાય, તરત જ સાસુની લાકડી છુટે. કાં વહુનું બાવડું રંગાય, કાં લમણાં ઘવાય.

આટલો ત્રાસ કોઈ ક્યાં સુધી સહન કરે ? મોટી ચારે વહુ કશાંક ને કશાંક બહાનાં કાઢીને પીયર જતી રહી. બીચારી નાની ગરીબ ઘરની દીકરી હતી. એ ક્યાં જાય ? એને માથે તો ચારેય જેઠાણીઓના ભાગનાં કામ અને જુલમ આવ્યાં !

પણ એ હતી જબરી. એને જણાયું કે જુલમી સાસુનું શાસન દુર કરવાનો આજકાલ ઉત્તમ મોકો છે. છોકરા બધા ખેતરે જાય. મોટી વહુઓ પીયરમાં. પોતે સાસુમાને પતાવી દે તો ન કોઈ સાક્ષી, ન કશાં એંધાણ. એણે તો ઝટપટ સાસુને પછાડી દીધી. ડોશી કશું સમજેકારવે તે પહેલાં તો જુવાન હાથે એની ગરદન દબાવી દીધી. પોતે ડોશીની છાતી પર ચડી બેઠી. ડોશીએ બેચાર વાર ગું-ગું કર્યું. બેચાર વાર ઉછાળા માર્યા. પછી ઠરીને ઠીકરું થઈ ગઈ.

હવે નાની વહુએ ડોશીને ઘસડી. ઘંટી આગળની માચી પર બેસાડી. પછી કોઠીએથી પવાલું ભરીને બાજરો કાઢ્યો. ડોશીના પગ પાસે મુક્યો. પછી પાંચ મુઠી બાજરો પોતે દળ્યો અને ડોશીના હાથને ઘંટીના હાથા પર દબાવ્યો. એ પછી ડોશીની ડાકલી ખોલીને ઘણો બધો બાજરો એના મોંમાં ઓર્યો. છેક ગયા સુધી બાજરો ડોશીના મોંમાં ઠાંસ્યો. દેખાવ એવો થયો જાણે દળણું દળતાં દળતાં બાજરો ખાતાં હોય અને મોંમાં અને ગળામાં ઘણો બધો બાજરો ઓરાવાથી શ્વાસ રુંધાઈ ગયો હોય !

આવો ત્રાગડો રચીને નાની વહુએ પહેલું તો ઘી, ગોળ અને રોટલા ચોળીને ઘણો બધો લાડવો બનાવ્યો. ઘણે વરસે ધરાઈને ખાધું.

પછી એણે રાડારાડ શરુ કરી. 'હાય રે ! કોઈ આવો રે ! અરે, દોડો રે ! જુઓને મારાં સાસુમાને શું થઈ ગયું ? હાય હાય ! સાસુમા દળતાં દળતાં ઢળી પડ્યાં !'

પડોશીઓ દોડ્યા. ભુખાળવાં ડોશી દળણું દળતાં ઢગલો બાજરો ખાવા ગયાં છે અને ગુંગળાઈ ગયાં છે ! જલદી સીમમાંથી એના છોકરાઓને બોલાવો. વહુઓને એમને પીયરથી બોલાવો !

પડોશીઓ દોડ્યા. દીકરા આવ્યા. ચારે વહુઓ ખોટું ખોટું રડતી રડતી ગામને ઝાંપે આવી. એમણે લાંબા ઘુમટા તાણી રાખ્યા હતા, એટલે એ રડે છે કે હસે છે એ કોઈ જોઈ શકે એમ નહોતું.

મોટી જેઠાણીઓ આવી છે એવી ખબર મળી એટલે નાનકી એમની સામે ઝાંપે ગઈ. એટલે તો ચારેય વહુઓએ ભારે ગોકીરો કરી મુક્યો. બનાવટી રડારડથી પાદર ગજવી મુક્યું.

એ દરમીયાન, મરશીયાને સુરે જ એક મોટી વહુએ પુછ્યું,

*હાય બાઈજી, વોય બાઈજી,*
*આવું રુડું કોણે કર્યું ?*

બાઈજી એટલે સાસુમા. એમને પતાવી દેવાનું રુડું મજાનું કામ કોણે કર્યું ? ત્યારે નાની વહુએ એવા જ સુરમાં જવાબ દીધો -

*હાય બાઈજી, વોય બાઈજી,*
*તમે ગયાં ને મેં કર્યું !*

અમને લાગે છે કે ગયા જમાનાથી વહુઓ બીચારી સાચેસાચ તો આવું રુડું કરી શકતી નહીં હોય; પરંતુ આવી વાર્તાઓ પણ એમને સાંત્વન આપતી હશે અંગ્રેજીમાં એક શબ્દ છે કૅથાર્સીસ (Catharsis). એનો અર્થ થાય છે દુખદ્રાવણ અથવા દુખનીવારણ. ડુમો ઓગળવાની ક્રીયા એટલે કેથાર્સીસ.

આવી વાર્તાઓની જેમ જ કેટલાંક લોકગીતોમાં પણ વહુ દ્વારા ભુંડી સાસુને હેરાન કરવાના અને એને પતાવી દેવાના ઉલ્લેખો મળે છે. 'મેંદી લેજો, મેંદી લેજો મેંદી મોટાં ઝાડ', એ શબ્દોથી શરુ થતાં લોકગીતમાં ભોળપણનું નાટક કરીને વહુ સાસુને કેવા કેવા પાઠ ભણાવે છે એનું નીરુપણ છે. જુઓ -

*મારી સાસુએ એમ કીધું કે*
*ફળીયું વાળી મેલ,*
*મેં ભોળીએ એમ જાણ્યું કે*
*સાવરણી બાળી મેલ !*

આમ, અવળું સાંભળીને અવળાં કામ જાણીબુઝીને કરતી વહુ આખરે શું કહે છે !

*મારી સાસુએ એમ કીધું કે*
*કોઢ્યમાં દીવો મેલ,*
*મેં ભોળીએ એમ જાણ્યું કે*
*સોડ્યમાં દીવો મેલ,*
*સાસુની સોડ્યમાં દીવો મેલ*

કોઢ્ય એટલે ઢોરઢાંખર બાંધવાની કે કામ-કારીગરી કરવાની જગા. સોડ્ય એટલે બગલ બાજુ, કેડ, સાસુનું પડખું ! બાઈ ભોળી થઈને એમ જાણે છે કે કોઢ્યને બદલે સાસુની સોડ્યમાં, એની બગલમાં, એના પડખામાં દીવો મુકવાનો છે. એ સાચે જ ડોશીના પડખામાં દીવો મુકે છે ! પરીણામ !? સાસુજી બળી ન મરે તો દાઝી તો જાય જ !

આપણા લોકસાહીત્યમાં આવાં વાર્તા-ગીતો પણ અનેક છે; પરંતુ એ માત્ર દુભાયેલી વહુઓની વેદનાની અભીવ્યક્તી છે. બાકી, ગઈ પેઢીઓની બીચારી વહુઓમાં એ હીંમત ક્યાથી કે સાસુના પડખામાં દીવો મુકે ?

એ હીંમત હવે કેળવાતી જાય છે; અને કદાચ એનું જ પરીણામ છે કે ઘણીખરી સાસુઓ વહુની મા બનવા કોશીશ કરે છે. કહેવત છે ને કે ચમત્કાર જ નમસ્કાર કરાવે છે !

❑

# ખેતી : સગવડ આપશો કે ઠાલી શીખામણ ?

**વટેમાર્ગુ**

800 મીલીયન - 80 કરોડ લોકો. દેશની વસ્તીના 65 ટકા જેમાં રોકાયેલા છે એવી ખેતી સામેના પડકારો અને એના ભવીષ્ય બાબતે હંમેશાં સરકાર - કૃષી અર્થશાસ્ત્રીઓ - કર્મશીલો અને ખેડુતોના મંતવ્યો મોટેભાગે ભીન્ન રહે છે.

કોઈપણ પક્ષની હોય, સરકાર હંમેશાં ફુલગુલાબી ચીત્ર રજુ કરી સપનાં બતાવતી હોય છે, પોતે ખેડુત અને ખેતી માટે જ કામ કરે છે, બીજા કોઈના માટે નહીં એવું ચીત્ર ઉભું કરવા પ્રયત્નશીલ હોય છે. કારણ, અસંગઠીત છતાં સૌથી મોટો મતદાર વર્ગ તો એ જ છે એના મત સરકારની મજબુરી છે.

ખેતી નીષ્ણાંતો કહેતાં કૃષી અર્થશાસ્ત્રીઓ આંકડાની માયાજાળ રચી એનું ભાવી ભાખતાં ભાખતાં આંકડાની માયાજામાં એટલા અટવાઈ જતા હોય છે કે પોતે શું કહેવા માગે છે એ વીશે પોતે જ ગુંચવાઈ જાય છે.

કર્મશીલો ખેડુતોએ ખેતી કેમ કરવી, મોટાભાગનું જગત પોતાની સંસ્કૃતી છોડીને, સ્વયં પણ પોતાની પરંપરાઓ છોડીને નીકળી ગયા હોવા છતાં, ખેડુતે પરંપરાઓ કેમ જાળવવી, બીયારણ કયું વાપરવું, ખાતર કયું અને કેટલું નાખવું એની સલાહ આપતા હોય છે.

આ ત્રણેયમાંથી કોઈનેય ખેતી ઉપજમાંથી સ્વજનોની સારવાર કરાવવાની હોતી નથી, પોતાનાં બાળકોના ભણતરનો ભાર ખેત ઉપજને આશરે હોતો નથી. એમની આવતી કાલના રોટલાને ખેત ઉપજ સાથે સ્નાનસુતક નથી, એ તો ક્યાંક બીજેથી નીશ્ચીત છે. પાછા એમાંથી કોઈ વેપારીને શીખામણ આપતા નથી કે નફો ઓછો કરો, વેપાર કેમ કરાય, સંસ્કૃતી શું છે વગેરે. ના તો સરકારી - અર્ધસરકારી કે અસંગઠીત શ્રમીક વર્ગને શીખવવા જાય છે કે કેટલું વળતર લેવાય, વળતરની સામે કેટલો શ્રમ કરવો જોઈએ વગેરે. દેશ આખામાં વણમાગી સલાહનું એક માત્ર કેન્દ્ર હોય તો ખેડુત ! અયોગ્ય છતાં કહેવત છે કે 'ગરીબ કી જોરુ ...' એવો ઘાટ ખેડુતનો છે !

આવી ખેતી અને ખેડુત હાલ કઈ કઈ મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે, એની વર્તમાન સ્થીતી શું છે તેના ઉપર નજર કરીએ...

**1. નાની અને છુટી છવાઈ જમીન માલીકી :** સરેરાશ જમીન માલીકીનું પ્રમાણ 1970- 71માં 2.28 હેક્ટર હતું તે 1980-81માં ઘટીને 1.82 હેક્ટર થયું અને 1995-96માં એ 1.50 હેક્ટર થયું. જમીનની માલકીયતનું પ્રમાણ જેમ જેમ ભાઈઓમાં ભાગલા પડતા જશે તેમ તેમ નાનું થતું જશે એ સ્વાભાવીક છે. જમીનના થતા જતા ટુકડા અને છુટી છવાઈ માલીકી સઘન ખેતી થતી હોય એવા કેરળ, પશ્ચીમ બંગાળ, બીહાર અને પુર્વી ઉત્તર પ્રદેશમાં તો સરેરાશ જમીનનું પ્રમાણ 0.5 હેક્ટરથી પણ ઓછું છે એ વધારે ગંભીર બાબત છે. રેતાળ પ્રદેશ રાજસ્થાન અને પર્વતીય નાગાલેન્ડમાં સરેરાશ જમીન માલીકી 4 અને 7.15 હેક્ટર છે ! જ્યાં ચોખ્ખા વાવેતર વીસ્તારનું પ્રમાણ વધારે છે એવાં પંજાબ, હરીયાણા, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં જમીન માલીકીની સરેરાશ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધારે છે.

આઘાતજનક છે કે 1980-91માં મોટો હીસ્સો - 59 ટકા સીમાંત ખેડુતો (1 હેક્ટર કરતાં ઓછા) કુલ વાવેતર વીસ્તારના 14.9 ટકા હતો. બીજા 19 ટકા નાના ખેડુતો હતા જેમની પાસે 1થી 2 હેક્ટર જમીન હતી, એ કુલ વાવેતર વીસ્તારના 17.3 ટકા ધરાવતા હતા.

મોટી જમીન ધારણ કરતા હોય (10 હેક્ટર કરતાં વધારે) તેવા માત્ર 1.6 ટકા હતા પરંતુ વાવેતર વીસ્તારના 17.4 ટકા જમીન ધરાવતા હતા. આમ, નાના-મધ્યમ અને મોટા ખેડુતો વચ્ચે ઘણો મોટો તફાવત છે. આનું એક કારણ આપણને વારસામાં મળેલા કાયદા પણ છે. વારસામાં મળેલી જમીન સંતાનો વચ્ચે સમાન ભાગે વહેંચાય છે, વારસામાં મળેલી જમીન એકત્રીત કરવાની કાયદામાં જોગવાઈ નથી. જુદી જુદી જમીનની ફળદ્રુપતા જુદી જુદી હોય છે અને એ સમાન રીતે જ વારસદારોમાં વહેંચાય છે. જો જમીન બે ટુકડામાં હોય તો એ બંને વારસોમાં બંને જગ્યાએ સરખી વહેંચાય છે તેથી જમીનના વધારે ટુકડા થાય છે. જમીનના આ ટુકડા નીચી ખેત ઉપજ અને ખેતીના પછાતપણા માટે જવાબદાર છે. ઘણો સમય અને શ્રમ બીયારણ, ખાતર અને પશુઓને એક ટુકડેથી બીજા ટુકડે ફેરવવામાં જાય છે. જુદા જુદા ટુકડાઓમાં વહેંચાયેલી જમીન માટે સીંચાઈની સગવડો ઉભી કરવી પણ મુશ્કેલ બને છે. વળી, ઘણી ફળદ્રુપ જમીન શેઢાઓ બનાવવામાં પણ રોકાય છે. આવી સ્થીતીમાં ખેડુત પોતાની ખેતીની સુધારણા પર ધ્યાન કેન્દ્રીત કરી શકતો નથી.

આનો એક ઉપાય એક ખેડુતની માલીકીના જુદા જુદા ઠેકાણે આવેલા ટુકડાઓનું એકત્રીકરણ થાય, માલીકી એકસાથે કરવામાં આવે એ છે. ટુકડાઓના એકત્રીકરણ માટે કાયદામાં સુધારો કરવામાં આવ્યો પરંતુ એનો અમલ સરખો થયો નહીં. માત્ર પંજાબ, હરીયાણા અને પુર્વી ઉત્તર પ્રદેશમાં એનો અમલ થયો. 1990-91 સુધીમાં 45 મીલીયન ખાતાંઓનું / ટુકડાઓનું એકત્રીકરણ પંજાબ, હરીયાણા અને પુર્વી ઉત્તર પ્રદેશમાં થયું.

આનો બીજો ઉપાય સહકારી ખેતી છે જેમાં ખેડુતો પોતાની જમીન અને સંસાધનો એકઠાં કરે અને નફો વહેંચે.

**2. બીયારણો :** સારા ઉત્પાદન અને ખેતીના ટકાઉ વીકાસ માટે બીયારણ મહત્ત્વનું અંગ છે. તમામ ખેડુતોને સારાં ગુણવત્તાસભર બીયારણો વાજબી ભાવે મળી રહે તે અત્યંત જરુરી છે. પરંતુ ઉંચા ભાવો અને અંતરને કારણે બધા નાના અને સીમાંત ખેડુતો એ મેળવી શકતા નથી. અનેક યોજનાઓ અને જાહેરાતો છતાં, આટલા વરસોના પ્રયત્નો પછી પણ દર ચોમાસે ગુણવત્તાયુક્ત બીયારણો અને ખાતરની અછતની બુમો ગ્રામીણ વીસ્તારોમાં સંભળાય છે.

**3. છાણ, રાસાયણીક ખાતર અને બાયોસીડ :** ભારતીય જમીન ઝાઝી કાળજી વગર હજારો વરસોથી ખેતીમાં વપરાય છે. એને કારણે પણ એની ગુણવત્તામાં ઘટાડો થવો સ્વાભાવીક છે. જમીનની ગુણવત્તામાં થયેલો ઘટાડો ઉત્પાદનમાં ઘટાડો કરે તેય સ્વાભાવીક છે. લગભગ બધા જ પાકોમાં દુનીયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં સરેરાશ ઉત્પાદન નીચુ છે. આ ચીંતાજનક છે. છાણીયા અને રાસાયણીક ખાતરોના ઉપયોગથી જ એમાં સુધારો લાવી શકાય. સરેરાશ ઉપજની સીધી અસર ખેડુતની આર્થીક સ્થીતી પર થાય. આમ, જમીનની ગુણવત્તા અને ખેડુતની આર્થીક સ્થીતીને પણ થાય. આમ, જમીનની ગુણવત્તા અને ખેડુતની આર્થીક સ્થીતીને સીધો સંબંધ છે. ખેત ઉત્પાદનોમાં થયેલા વધારામાં 70 ટકા યોગદાન રાસાયણીક ખાતરોનું છે એમ કહી શકાય.

હા, એ પણ સાચું છે કે આખા દેશના બધા વીસ્તારોમાં પુરતું છાણીયું અને રાસાયણીક ખાતર ઉપલબ્ધ કરાવવું એ પણ અઘરું છે. છાણીયું ખાતર ખેત ઉપજમાં મહત્ત્વનો ભાગ ભજવે છે એ સાચું હોવા છતાં, વધારે પડતું છાણીયું ખાતર બળતણ તરીકે વપરાય છે તે પણ હકીકત છે. રાસાયણીક ખાતર મોંઘાં હોવાથી નાના અને મધ્યમ ખેડુતોની પહોંચની બહાર રહે છે. આમ, ખેતી માટે ખાતરનો સવાલ જટીલ અને તીવ્ર છે.

પ્રાકૃતીક મળ-મુત્રનું ખાતર જમીનની તંદુરસ્તી માટે મહત્ત્વનું છે. દેશમાં 650 મીલીયન ટન ગ્રામીણ અને 160 લાખ ટન શહેરી મળ-મુત્રનું ખાતર બની શકે જે પુરી ક્ષમતાએ કરાતું નથી. જો કરી શકાય તો એના નીકાલનો સવાલ અને ખેતી માટે જરુરી ખાતરની અછતનો સવાલ, એમ બંને સવાલો નીવારી શકાય.

**4. સીંચાઈ :** ભારત દુનીયામાં સૌથી વધારે સીંચાઈ વીસ્તાર ધરાવવાની બાબતમાં ચીન પછી બીજા નંબરે છે, છતાં એના વાવેતર વીસ્તારના માત્ર ત્રીજા ભાગ સુધી જ સીંચાઈની સવગડ પહોંચી છે. અનીયમીત, અપુરતા અને બીનભરોસાપાત્ર વરસાદવાળા દેશમાં સીંચાઈની સગવડ એ ખેતી માટે સૌથી મહત્ત્વની જરુરીયાત છે. જ્યાં સુધી 50 ટકાથી વધારે વાવેતર વીસ્તાર સીંચાઈ હેઠળ આવરી ના લેવાય ત્યાં સુધી ખેતી ક્ષેત્રે ટકાઉ વીકાસ સાધવો મુશ્કેલ છે. આનો પુરાવો પંજાબ, હરીયાણા અને પુર્વી ઉત્તર પ્રદેશ છે જ્યાં અડધા કરતાં વધારે વાવેતર વીસ્તાર સીંચાઈ સગવડ હેઠળ આવરી લેવાયો છે. સાથે સાથે, વધારે પડતા પાણીના ઉપયોગના ભયસ્થાનો વીશે પણ જાગૃતી જરુરી છે. જ્યાં છુટથી સીંચાઈ મળે છે એવા વીસ્તારોમાં ક્ષાર અને પાણીના ભરાવાનું પ્રમાણ પણ વધે છે.

**5. મશીનીકરણનો અભાવ :** કેટલાક વીસ્તારોમાં મોટાપાયે મશીનીકરણ થવા છતાં દેશમાં મોટાભાગે આજે પણ ખેતીનું કામ હાથથી, પરંપરાગત સાધનોથી થાય છે. મશીનીકરણનો ઉપયોગ સીંચાઈ, પ્રુનીંગ, નીંદામણ વગેરેમાં થતો નથી, નાના ખેડુતોમાં તો ખાસ નથી થતો. એનાથી માથાદીઠ ખેત ઉપજમાં ઘટાડો દેખાય છે. નાનાં નાનાં કામોમાં મશીનો મોટા પ્રમાણમાં વપરાય તો માનવ સમય, શ્રમ અને માથાદીઠ ઓછી ઉપજ એ બધામાંથી બચી શકાય, ખેતીને વધારે સરળ અને કાર્યક્ષમ બનાવી શકાય. વધારે પાકો લેવા, સમયસર અને કાર્યક્ષમ ખેતીકામો માટે મશીનીકરણ મહત્ત્વનું છે. મશીનીકરણમાં અમુક માત્રામાં ચોક્કસ વધારો થયો છે છતાં હજી વધારેને ગુંજાઈશ છે. દેશમાં ખેતીકામમાં હેક્ટરદીઠ વીજ પ્રાપ્યતા 1971-72માં 0.3 કીલોવોટ હતી તે 2003-04માં વધીને 14 કીલોવોટ થઈ હતી. આ વધારો ટ્રેક્ટર, પાવર ટીલર અને હાર્વેસ્ટર, સીંચાઈ માટેના પંપના વધેલા ઉપયોગને કારણે હતો. 2003-04માં પુરા થતાં પાંચ વર્ષ દરમ્યાન પશ્ચીમ બંગાળમાં સૌથી વધારે પાવર ટીલરનું વેચાણ થયું હતું.

**6. માટીનું ધોવાણ :** દેશમાં ખેતી હેઠળના ઘણા મોટા વીસ્તાર પાણી અને પવનને કારણે ઉપરના ફળદ્રુપ પડનું ધોવાણ થાય છે. આ કેમ અટકાવવું અને જમીનના ઉપલા પડની ફળદ્રુપતાને ફરી મુળ સ્થીતીએ કેમ પહોંચાડવું એ મોટી સમસ્યા છે.

**7. ખેત બજાર :** ગ્રામીણ વીસ્તારોમાં ખેત બજારો આજે પણ ઘણી ખરાબ સ્થીતીમાં છે, તેને કારણે ખેડુતોને ઉપજના વેચાણ માટે સ્થાનીક વેપારીઓ અથવા વચેટીયાઓ પર આધારીત રહેવું પડે છે, જે નાખી દેવાના ભાવે ખેડુતો પાસેથી વચેટીયાઓ અથવા વેપારીઓ ઉપજ પડાવી લે છે. મોટા ભાગના કીસ્સાઓમાં, સ્થાનીક સામાજીક આર્થીક પરીસ્થીતીઓના દબાણ હેઠળ ખેડુતોને એમની ઉપજ માનસીક ભાર વેઠીને વેચવી પડે છે. નાનાં ગામડાંઓમાં ખેડુતો જેમની પાસેથી ધીરાણ લેતા હોય એવા વેપારીને ત્યાં જ પોતાની ઉપજ વેચવી પડે છે.

સામાન્ય રીતે ખેડુતની ઉપજ બજારમાં આવે ત્યારે ભાવો નીચા હોય છે અને ખેડુત પાસે ઉપજ રોકી રાખવાનો વીકલ્પ આવા કીસ્સાઓમાં હોતો નથી તેથી ખેડુતે નાછુટકે, ધીરાણની સામે પોતાની ઉપજ નીચા ભાવે વેપારીને વેચવી પડે છે.

એક અંદાજ અનુસાર, ઉત્તર પ્રદેશમાં 85 ટકા ઘઉં અને 75 ટકા તેલીબીયાં, પશ્ચીમ બંગાળમાં 90 ટકા શણ, પંજાબમાં 70 ટકા તેલીબીયાં અને 35 ટકા કપાસ ખેડુતો ગામડાંમાં જ વેચે છે. આવી સ્થીતી ખેડુતોની એટલા માટે થાય છે કે ઉપજ લીધા પછી એ લાંબો સમય રાહ જોઈ શકે એવી સ્થીતીમાં હોતા નથી. ખેડુતોને એમની ઉપજ વીપરીત સ્થળે, વીપરીત સમયે અને વીપરીત શરતોએ વેચવી પડે છે !

સંગઠીત બજાર તંત્રને અભાવે, ખાનગી વેપારીઓ અને વચેટીયાઓ ખેત પેદાશોની લે- વેચમાં પ્રભુત્વ ધરાવે છે. વચેટીયાઓ દ્વારા અપાતી સેવાઓ (!)નો ભાર ગ્રાહક ઉપર પડે છે અને ઉત્પાદનકર્તાને એનો કોઈ લાભ મળતો નથી. ઘણાં બજાર સર્વેક્ષણોમાં જોવા મળ્યું છે કે ગ્રાહક દ્વારા ચુકવાતી ચોખાની કીંમતના 48 ટકા, મગફળીની કીંમતના 52 ટકા અને બટાટાની 60 ટકા કીંમત વચેટીયાઓ લઈ જાય છે.

બજાર વ્યવસ્થામાં થયેલા અને થઈ રહેલા સુધારાઓ ઘણા અપુરતા છે, જ્યાં સુધી ખેડુત અને ગ્રાહક વચ્ચે સીધો સંબંધ ના સ્થપાય, બજારભાવનો લાભ બંનેને ના મળે ત્યાં સુધી બજાર વ્યવસ્થા અધુરી છે, એમાં વધુ ને વધુ સુધારાઓને હંમેશાં અવકાશ છે.

**8. અપુરતી સંગ્રહ વ્યવસ્થા :** સંગ્રહની વ્યવસ્થાનો ગ્રામીણ વીસ્તારોમાં સદંતર અભાવ છે અથવા તો અત્યંત અપુરતી છે. આવી પરીસ્થીતીમાં ખેડુતને એની ઉપજ લીધા પછી તરત ચાલુ બજાર ભાવે વેચી દેવા ફરજ પડે છે, જે સામાન્ય રીતે ખેતઉપજ બજારમાં આવવાના સમયે ખુબ જ નીચી હોય છે. આવું ફરજીયાત વેચાણ ખેડુતને મળવાપાત્ર આવકથી વંચીત કરે છે.

હાલ, ફુડ કોર્પોરેશન ઓફ ઈંડીયા, સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન અને રાજ્ય વેર હાઉસ કોર્પોરેશનો સહીત ઘણી સંસ્થાઓ સંગ્રહની સગવડ પુરી પાડી છે. આ સંસ્થાઓ જરુરીયાતના સમયે ઉપયોગમાં લેવા માટે સંગ્રહ કરે છે. 1979-80થી ભારત સરકાર ગ્રામીણ સંગ્રહસ્થળોની રાષ્ટ્રીય શ્રૃંખલા ઉભી કરવા પ્રયત્નો કરી રહી છે !

આમ છતાં, જરુરીયાતના પ્રમાણમાં ગોડાઉનો અને શીતાગારો (કોલ્ડ સ્ટોરેજ)નું પ્રમાણ અત્યંત નહીંવત છે. તેને કારણે ફળો અને શાકભાજીની ખેતી કરતા ખેડુતોએ ઘણીવાર પોતાની ઉપજ રસ્તા ઉપર નાખી દેવાનો વારો આવે છે.

સાથે સાથે ખેતીક્ષેત્રે ખેડુતોને મુલ્યવર્ધન (Value addition) માટે પણ જરુરી તાલીમ અને સંશાધનો પુરાં પાડવામાં આપણે ઘણા પાછળ છીએ.

**9. અપુરતી વાહનવ્યવસ્થા :** ભારતના ખેડુતોની મુશ્કેલીઓ પૈકી એક મોટી મુશ્કેલી સસ્તા અને કાર્યક્ષમ માલવહનની છે. અત્યારે પણ લાખો ગામડાં એવાં છે જે મુખ્ય રોડ કે બજાર સાથે પાકા રસ્તાથી સીધાં જોડાયેલાં નથી. મોટાભાગના ગ્રામીણ વીસ્તારોમાં કાચા ગાડામાર્ગો જ આજે પણ માલવહન માટે છે જે વરસાદના દીવસોમાં બીન-ઉપયોગી બને છે. બધાં જ ગામડાંઓને પાકા રસ્તાઓથી મુખ્ય રોડ અથવા બજાર સાથે જોડવાં એ ભગીરથ કાર્ય છે જેમાં ખુબ મોટી રકમની આવશ્યકતા છે.

**10. મુડીની અછત :** બીજા ઉદ્યોગોની જેમ જ, ખેતી પણ મહત્ત્વનો ઉદ્યોગ છે, એને પણ મુડીની જરુર છે. ખેતી ટેક્નોલોજીના વધતા ઉપયોગની સાથે સાથે વધારે મુડીની પણ આવશ્યકતા રહે છે. ખેડુતની મુડી એની જમીન અને ખેત ઓજારોમાં રોકાયેલી હોય છે ત્યારે ખેડુતને ખેત ઉત્પાદન વધારવા માટે જરુરી મુડીરોકાણ માટે ધીરાણની જરુર પડે છે. ગ્રામીણ વીસ્તારોમાં ખાનગી ધીરાણ આપનારા, વેપારીઓ અને કમીશન એજન્ટો જ હોય છે જે ખેડુત પાસેથી ઉંચું વ્યાજ વસુલ કરે છે અને ઉપજ નીચા ભાવે પડાવી લે છે. સરકારની ઘણી યોજનાઓ છતાં, આજે પણ ગ્રામીણ વીસ્તારોમાં આ જ લોકોની બોલબાલા છે, ખેડુતોએ આકસ્મીક સંજોગોમાં તો એમના શરણે જ જવું પડે છે !

આ જોતાં નથી લાગતું કે ખેતી અને ખેડુતોને ઠાલી શીખામણ કરતાં સગવડોની વધારે જરુર હોય ?

* * *

2016-17નું નાણાંકીય વર્ષ પુરું થયું, હજી પાકા આંકડા આવ્યા નથી છતાં અંદાજ હતો કે 2015-16ની સરખામણીએ 2016-17માં 4 ટકાના દરે વધશે. અંદાજ મુકાયો ત્યારે ચલણી નોટો રદ થવાનો અંદેશો નહોતો. 2016-17ના ઉનાળે ડાંગરના 98.8 મીલીયન ટન અને દાળોના 8.7 મીલીયન ટનના અંદાજો કૃષી મંત્રાલયે મુક્યા હતા. પરંતુ જ્યાં 85 ટકા લોકોના આર્થીક વહેવારો રોકડ પર નભે છે. એવા કૃષી અર્થતંત્રમાં 500 અને 1000 રુપીયાની ચલણી નોટો રદ થવાને કારણે મોટું પંચર પડ્યું.

મહારાષ્ટ્રમા ગ્રામીણ બજારોમાં દાખલ થતાં વાહનોની સંખ્યામાં ઘટાડો દેખાયો, દેશના સૌથી મોટા ડુંગળી બજારમાં ભાવો પટકાયા. ગોવામાં મત્સ્ય ઉદ્યોગનું અર્થતંત્ર પણ અટવાયું તો મધ્યપ્રદેશનું ફુલ બજાર કરમાયેલું જોવા મળ્યું. ઉત્તરપ્રદેશ, ઓડીસા સહીત દેશના બીજા ભાગોમાંથી પણ એવા જ અહેવાલો મળ્યા. આનાથી 2016માં ખેતીની ઉજળી આશાઓ ધુંધળી બની.

દેશમાં છેલ્લા દાયકામાં વરસાદ અનીયમીત બન્યો છે. દેશ અને દુનીયાના બદલાતા વાતાવરણમાં, દેશનાં મધ્ય રાજ્યોમાં અતી વરસાદની ઘટનાઓ વધતી જાય છે તો સામાન્ય વરસાદના દીવસો ઘટતા જાય છે.

વરસાદ થકી ખેતીને સીધી અસર કરતા પર્યાવરણના મુદ્દે જાણવું જોઈએ કે, 2016માં ભારતે પેરીસ કરાર પર સહી કરી છે જેમાં વર્ષ 2100 સુધીમાં ધરતીના તાવ (તાપમાન)માં 2 ડીગ્રી જેટલો ઘટાડો કરવા બધા સહમત થયા છે. ભારતે કાનુની રીતે બાધ્ય એવા આંતરરાષ્ટ્રીય કરારમાં પણ સહી કરી છે જેમાં હાઈડ્રોફ્લુરોકાર્બન ગેસના ઉત્પાદન અને વપરાશમાં તબક્કાવાર ઘટાડો કરવાની જોગવાઈ છે. જેનો અમલ 2028થી શરુ થશે. આ હાઈડ્રોફ્લુરોકાર્બન ગેસ, કાર્બન ડાયોક્સાઈડ કરતાં વૈશ્વીક ઉષ્ણતામાં 12000 ગણો વધારે વધારો કરે છે.

આટલું પુરતું નથી, ભવીષ્યમાં પર્યાવરણીય બદલાવોની થતી અસરોથી બચવા માટે ભારતે ઘણું વધારે કરવાની જરુર છે. પર્યાવરણ મંત્રીએ લોકસભામાં આપેલા જવાબના આધારે અભ્યાસ કરી ઓક્ષફોર્ડ યુનીવર્સીટીએ અંદાજ મુક્યો છે કે 2030થી 2050 દરમ્યાન ભારતમાં પર્યાવરણીય અસરોને કારણે 1,36,000 મૃત્યુ થશે. અહીં વાર્ષીક કે વચ્ચેના આખા સમયગાળા દરમ્યાન તેની ચોખવટ નથી.

દુનીયામાં Co2ની માત્રા દર મીલીયને 400ને પાર કરી ગઈ છે જે આપણા જીવનકાળ સુધી રહેવાની છે. દેશની રાજધાની અને ઉત્તરનાં રાજ્યોમાં થતા ધુમ્મસને વીશ્વ આરોગ્ય સંસ્થાએ સલામત માનેલાં ઝેરી તત્ત્વોની માત્રાથી 45 ગણી વધારે માત્રા હોવા સાથે સંબંધ છે.

2011થી 2015 દરમ્યાન 14 મીલીયન કરતાં વધારે વસ્તી ધરાવતાં શહેરોના વીશ્વ આરોગ્ય સંસ્થાએ કરેલા અભ્યાસો અનુસાર દીલ્હીની હવામાં ઝેરી તત્ત્વોની માત્રા બીજીંગ અને શાંઘાઈ કરતાં વધારે જણાઈ છે. દુનીયાનાં સૌથી ઝેરી હવા ધરાવતાં 20 શહેરો પૈકી અડધાં ભારતનાં છે એવું વીશ્વ આરોગ્ય સંસ્થા કહે છે.

આ ઝેરી હવાને વરસાદ-ખેતી-આરોગ્ય સાથે સીધો સંબંધ છે, છતાં ઉદ્યોગોનું આંધળું આકર્ષણ વધતું જાય છે એય એટલી જ ચીંતાનો વીષય છે.

કુપોષણના ઘટતા આંકડા છતાં આજેય ભારતમાં 40 મીલીયન (4 કરોડ) બાળકો છે જેમનો શારીરીક વીકાસ કુંઠીત થઈ ગયો હોય, જેમની ઉંમરના પ્રમાણમાં ઉંચાઈ વધી ના હોય. આ આંકડો દુનીયાના કોઈપણ દેશ કરતાં વધારે છે. જેમને ગરીબ અને પછાત કહીને વખોડતા રહીએ છીએ, આર્થીક મદદ કરવા અને વીકાસમાં સહભાગી થવાની બડાઈ મારીએ છીએ એવા ગરીબ આફ્રીકન દેશો કરતાં પણ બાળકોમાં કુપોષણની બાબતમાં આપણે પછાત છીએ ! વૈશ્વીક પોષણ અહેવાલ-2016 અનુસાર બાળકોની ઉંચાઈના પ્રમાણમાં વજન ઓછું હોય એવા દેશોના ક્રમમાં ભારત 130 દેશોમાં 120મા નંબરે આવે છે ! ❑

# માણસ મળે ના મળે, પ્લાસ્ટીક જરુર મળશે !

**સાગર રબારી**

સંશોધકોની ટુકડી જ્યારે હેન્ડરસ ટાપુ પર પહોંચી તો આશ્ચર્યચકીત્ ! જ્યાં હજારો માઈલ સુધી કોઈ માનવ વસવાટ નથી, ઔદ્યોગીક એકમો નથી એવા આ ટાપુ પર આટલું બધુ પ્લાસ્ટીક ક્યાંથી ? હેન્ડેરસ ન્યુઝીલેન્ડ અને ચીલી વચ્ચે આવેલો 10 કીલોમીટર લાંબો અને 5 કીલોમીટર પહોળો ટાપુ છે, ત્યાં કોઈ માનવ વસવાટ નથી, પરંતુ આખી દુનીયામાં પ્લાસ્ટીકની સૌથી વધારે ગીચતા આ ટાપુ પર જોવા મળી તેનાથી સંશોધકોની ટુકડી આશ્ચર્યચકીત હતી.

જ્યાં 5000 કીલોમીટરની ત્રીજ્યામાં કોઈ માનવ વસવાટ કે ઉદ્યોગો નથી એવા આ ટાપુ પર પ્લાસ્ટીકની આટલી બધી ગીચતાનું કારણ જાણકારો એવું આપે છે કે ફેંકી દેવાયેલા પ્લાસ્ટીક પૈકીનું કેટલુંક જળમાર્ગો મારફતે દરીયા સુધી પહોંચે છે, દરીયાનાં આંતરપ્રવાહો સાથે ઢસડાઈને એ આવા ટાપુઓ સુધી પહોંચે છે. દરીયામાં પશ્ચીમે ઓસ્ટ્રેલીયાથી પુર્વમાં દક્ષીણ અમેરીકા અને ઉત્તરે ઈક્વાડોરથી દક્ષીણે એન્ટાર્કટીકા સુધી દરીયાના આંતરપ્રવાહો વહેતા રહે છે. પેસીફીક સમુદ્રમાં આવેલા આ 10 કીલોમીટર લાંબા અને 5 કીલોમીટર પહોળા બ્રીટીશ તાબાના ટાપુ પર પ્લાસ્ટીકનાં 38 મીલીયન (3.8 કરોડ) નંગોનો જથ્થો જોઈને સંશોધકો દીગ્મુઢ થઈ ગયા હતા. આ 38 મીલીયન નંગો પૈકી મોટાભાગની વસ્તુઓ પ્લાસ્ટીકની બનેલી હતી જે દરીયાઈ પ્રવાહ સાથે

ખેંચાઈને આ ટાપુના રળીયામણા બીચો સુધી પહોંચી હતી.

ચોરસ મીટર દીઠ 671.6 નંગની ગીચતા ધરાવતો ભંગારનો આ જથ્થો, ગીચતાની દૃષ્ટીએ દુનીયા આખીના બીચોમાં સૌથી વધારે છે. આ ભંગારમાં રમકડાના સૈનીકો, ડોમીનોઝ, ટુથબ્રશ અને દરેક રંગ, જુદાં જુદાં કદનાં સેંકડો સખત બેટ હતાં.

આ ટીમે તૈયાર કરેલા અહેવાલનાં અગ્રણી લેખીકા અને ઓસ્ટ્રેલીયાની તાસ્માનીયા યુનીવર્સીટીનાં સંશોધક વૈજ્ઞાનીક ડૉ. જેનીફર લેવેર્સના જણાવ્યા અનુસાર, એની ભયાનકતા દીમાગમાં ઝબકે તે પહેલાં તો ક્યારેક ક્યારેક બીચ પર પથરાયેલા પ્લાસ્ટીકના રંગો અને વીવીધતા જોઈને વશીભુત થઈ જવાતું હતું.

1980ના સમયે એમના ભાઈ જે રમકડાના સૈનીકથી રમતા હતા એની આબેહુબ પ્રતીકૃતી એમને ત્યાં જોવા મળી, એવી જ રીતે મોનોપોલી બોર્ડ ગેમથી બનાવેલી મોટલ પણ જોવા મળી. ત્યાં સૌથી વધારે જોવા મળ્યાં સીગારેટ સળગાવવાનાં લાઈટર અને ટુથબ્રશ, જે સૌથી ઓછાં જોવા મળ્યાં તે બેબી પેસીફાયર.

ત્યાં માછલી પકડવાની ફેંકી દેવાયેલી જાળીમાં ફસાઈને મરી ગયેલો દરીયાઈ કાચબો જોવા મળ્યો તો સૌંદર્ય પ્રસાધનના ખોખામાં રહેતો કરચલોય જોવા મળ્યો !

યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ તરીકે ઘોષીત થયેલા આ હેન્ડરસન ટાપુ પર માનવ વસવાટ નથી, 5000 કીલોમીટરની ત્રીજ્યામાં કોઈ માનવ વસવાટ કે ઔદ્યોગીક એકમો નથી, ત્યાં પ્રદુષણના કોઈ સ્થાનીક વીશેષ સ્રોત પણ નથી. આ બધો જ ભંગાર દુનીયા આખીમાં ફેંકી દેવાયેલો તણાઈને અહીં આવ્યો છે.

ડૉ. લેવર નોંધે છે કે, હેન્ડરસન ટાપુ દક્ષીણ પેસીફીક આંતર પ્રવાહોને કીનારે આવેલો છે, પ્રવાહો અને વમળો તણાઈને આવતા પ્લાસ્ટીકને તરતું રાખે છે તેને કારણે જ આસપાસના ટાપુઓ પર પ્લાસ્ટીકનો કચરો જમા થઈ રહ્યો છે. સંશોધકો નોંધે છે કે ‘દુર દુરના ટાપુઓ જે એમના અસાધારણ કુદરતી સૌંદર્ય અને જૈવ વીવીધતા માટે પ્રખ્યાત છે તેમને દુનીયામાં એકધારી અસાધારણ ઝડપે વધતું જતું પ્લાસ્ટીકનું ઉત્પાદન નુકસાન કરશે.’

પ્લાસ્ટીકનું ઉત્પાદન 1950થી શરુ થયું. 1954માં પ્લાસ્ટીકનું ઉત્પાદન 1.7 મીલીયન ટન હતું તે 2014માં વધીને 311 મીલીયન ટન સુધી પહોંચી ગયું છે. ઉત્પાદીત પ્લાસ્ટીક પૈકીનું મોટાભાગનું ફરી ઉપયોગમાં લેવાતું નથી જે આગળ જતાં આપણા જળમાર્ગો થકી દરીયામાં પહોંચે છે.

સંશોધકો આગળ કહે છે કે, પ્લાસ્ટીકનો તરતા રહેવાનો ગુણધર્મ, દરીયાના પ્રવાહો અને પવનની સાથે દુનીયા આખીના સમુદ્રોમાં એને આગળ વધારતો રહે છે. દાયકાઓ સુધી ટકી રહેવાથી એ ઘસારા અને ફોટો ડીગ્રેડેશનને કારણે નાના નાના ટુકડાઓમાં બદલાતું જાય છે. જેને કારણે હાલ 55 એમએમ કરતાં પાતળા હોય એવા 5 ટ્રીલીયન કરતાં વધારે પ્લાસ્ટીકના પદાર્થો દુનીયાના દરીયાઓની સપાટી પર એકઠા થયા છે.

વીશેષ વીસ્તારો, જ્યાં દરીયાઓની સીમાઓ મળે છે અથવા આંતરપ્રવાહો મળે છે ત્યાં પ્લાસ્ટીકની ઘનતા વધારે મળે છે. આવી જગ્યાઓએ પ્રતી ચોરસ કીલોમીટર પ્લાસ્ટીકની ઘનતા 8,90,000 (એક ચોરસ કીલોમીટરમાં 8 લાખ 90 હજાર નંગ !) છે એમ સંશોધકોનું કહેવું છે.

ડૉ. લેવેર અને એમના 6 સાથીઓ જે આ ટાપુ પર રહ્યા એમણે ત્યાં આવતા પ્લાસ્ટીકનો જથ્થો અને ઝડપ જાણવા માટે બીચના કેટલાક ભાગનો કચરો સાફ કર્યો અને પછી ત્યાં નવા આવતા પ્લાસ્ટીકના કચરાનાં નંગો ગણ્યાં તેને આધારે નક્કી થયું કે હેન્ડરસન ટાપુ પર કચરાનાં 13000 નંગ રોજ આવે છે. ત્યાં આવતો પ્લાસ્ટીકનો જથ્થો ખરેખર ભયજનક છે. એ જોવામાં સુંદર અને પરીણામમાં ભયાનક, બંને છે !

આ પ્લાસ્ટીકનો કચરો જૈવ વીવીધતા માટે જોખમ ઉભું કરે છે તે સ્થાપીત થઈ ચુક્યું છે. પરંતુ, એના ઉકેલ અને આયોજનમાં સૌથી મોટો અવરોધ હોય તો આવા કચરાની ભેગા થવાની પદ્ધતી અને જથ્થાને લગતી વીગતોનો અભાવ છે.

આ અભ્યાસમાં ત્યાં એકઠા થતા ભંગારનો પ્રકાર, જથ્થો અને ભેગા થવાની ઝડપનો વીગતવાર અભ્યાસ કરાયો છે. 10 સીએમથી નાનો એવા કુલ જથ્થાનો 68 ટકા કચરો, પ્રતી ચોરસ મીટર દીઠ 4496.9 નંગ પાણીને તળીયે કચરારુપે બેસી ગયો છે, અંદાજે કચરાનાં 37.7 મીલીયન નંગો, જેનું અંદાજે વજન 17.6 ટન થવા જાય છે તે હેન્ડરસન ટાપુ પર છે અને પ્રતી ચોરસમીટર રોજની 26.8 નવી વસ્તુઓ

આવીને એકઠી થઈ રહી છે !

ડૉ. લેવરે કહે છે કે પ્લાસ્ટીકના ઉપયોગ અંગે આપણે ધરમુળથી પુન:વીચાર કરવાનો સમય પાકી ગયો છે. એ બન્યા પછી, વપરાય છે થોડીક ક્ષણો માટે પરંતુ ફેંકી દેવાયા પછી હંમેશ માટે ટકી રહે છે.

આ સંશોધક ટુકડીનાં સભ્યો નહોતાં એવાં ન્યુઝીલેન્ડની યુનીવર્સીટી ઓફ ઑકલેન્ડનાં સમુદ્રી શાસ્ત્રી શ્રી મેલીસા બોવેન કહે છે કે, પવન અને દરીયાઈ પ્રવાહો આવી હેન્ડરસન ટાપુ જેવી જગ્યાઓ પર પ્લાસ્ટીકનો કચરો ઠાલવે છે. આપણે આના જેવા વધુને વધુ અભ્યાસ કરીશું તેમ તેમ આપણને દરીયામાં ફેલાયેલા પ્લાસ્ટીકની વાસ્તવીકતાની ખબર પડશે !

(**ઈન્ડીયન એક્સપ્રેસ**, તા. 17-5-17ના કરન્ટ અફેર્સમાં પ્રકાશીત લખાણનો ભાવાનુવાદ)

❑

# અમદાવાદ, સ્ત્રીઓ માટે સુરક્ષીત શહેર : કેટલું તથ્ય, કેટલી ભ્રમણા ?

**પર્સીસ જીનવાલા**

અમદાવાદ શહેરમાં જાહેર સ્થળોએ સ્ત્રીઓની હાજરી સહજ છે. વહેલી સવારે દોડવા કે ચાલવા નીકળતી, સામાન્ય દીવસોમાં, નવરાત્રીમાં તો ખાસ, ભલે સમુહમાં પણ બહાર ફરતી જોવા મળે. કદાચ આ જ કારણથી અમદાવાદને સ્ત્રીઓ માટે ‘સુરક્ષીત શહેર’ તરીકે બીરદાવાય છે, અમદાવાદીઓને એનું ગૌરવ છે. કામ માટે બહારથી આવીને વસનારા, ખાસ તો યુવાન, અપરણીત બહેનોનેય સુરક્ષાનો ભાસ થાય છે. એને માટે રાજ્યની દારુબંધીની નીતીને આગળ ધરાય છે. એ વાત જુદી છે કે શહેરમાં દારુ છુટથી મળે એનુંય અમદાવાદીઓને ગૌરવ ! ખરેખર અમદાવાદમાં બધી સ્ત્રીઓ સમાન રીતે ‘સુરક્ષીત’ છે ? એ ‘સુરક્ષા’નો સંબંધ શહેરની સામાજીક-આર્થીક-ભૌગોલીક પરીસ્થીતી અનુસાર તો નથી ને ? કારણ, સુરક્ષા શરતી ના હોય, સુરક્ષાનો અહેસાસ સૌને સમાન રીતે થવો જોઈએ. વળી, આ ‘સુરક્ષા’ને (સ્ત્રી) ‘મુક્તી સાથે સંબંધ ખરો ? એવું કહેવાય છે કે ‘જો સ્ત્રીઓ અમદાવાદમાં સુરક્ષીત છે તો એ જરુર ‘મુક્ત’ (પીતૃસત્તાથી) પણ હશે જ.’

ઉપરોક્ત હકીકતોની અવગણના કર્યા વગર પણ એટલું તો કહેવું જ પડશે કે આ ‘સ્ત્રીઓ માટે સુરક્ષીત શહેર’ના બીરુદને વધારે ચકાસવું જરુરી છે. જેમ કે શહેરના કયા વીસ્તારોમાં સ્ત્રીઓ સુરક્ષીત છે અને કયા વીસ્તારોમાં નથી, શહેરમાં કઈ સ્ત્રીઓ સુરક્ષીત છે અને કઈ નથી, આ કહેવાતા સુરક્ષીત વીસ્તારો કયા છે, તેમની સામાજીક-આર્થીક સ્થીતી કેવી છે. શા માટે અમુક વીસ્તારો સુરક્ષીત છે અને બીજા નહીં ?

વર્ષ 2009-10નો રાજ્ય માનવ અધીકાર આયોગનો અહેવાલ કહે છે કે :

‘ગુજરાતનાં બધાં શહેરોમાં અમદાવાદ સ્ત્રીઓ માટે સૌથી ઓછું સુરક્ષીત છે.’ (પારસ ઝા, ડીએનએ, 29 માર્ચ 2011). સરકારી આંકડાઓ તો એમ કહે જ છે કે મહીલાઓ વીરુદ્ધ થતા ગુનાઓની સંખ્યા અવીરત વધી રહી છે. છતાંય ‘સુરક્ષીત શહેર’નું બીરુદ તો અકબંધ !

અમદાવાદ પોલીસ કમીશ્નરની કચેરી અને એનસીઆરબીના આંકડા ટાંકીને ધ ઈન્ડીયન એક્સપ્રેસ (2013)નો અહેવાલ કહે છે કે, ‘2012થી બળાત્કારના કીસ્સાઓ બમણા અને છેડતીના કીસ્સાઓમાં ત્રણ ગણો વધારો થયો છે...’ ‘એનસીઆરબીના આંકડાઓ અનુસાર 2012માં ગુજરાતમાં સ્ત્રીઓ સામેના ગુનાઓની સંખ્યા 8679 હતી, એમાં 473 બળાત્કારના કીસ્સા હતા. એ જ રીતે અમદાવાદમાં 1905 બનાવો પૈકી 63 બનાવો બળાત્કારના હતા.’ છતાંય ‘સ્ત્રીઓ અમદાવાદને સુરક્ષીત શહેર માને છે.’ એ અહેવાલમાં 4 સ્ત્રીઓ સાથે વાત કર્યાનો ઉલ્લેખ હતો તે પૈકી 2 મહીલાઓ પોતાની છેડતી થયાનો એકરાર કરે છે. પરંતુ, પોતે રાખેલી તકેદારી અને

*2012માં અમદાવાદમાં સ્ત્રીઓ સામેના ગુનાઓની સંખ્યા 8679 હતી, એમાં 473 બળાત્કારના કીસ્સા હતા. એ જ રીતે અમદાવાદમાં 1905 બનાવો પૈકી 63 બનાવો બળાત્કારના હતા.’ છતાંય ‘સ્ત્રીઓ અમદાવાદને સુરક્ષીત શહેર માને છે.’*

મીત્રો તથા સહકર્મીઓ દ્વારા અપાયેલા સુરક્ષા કવચને સુરક્ષીત શહેરના પુરાવા તરીકે ગણાવે છે !

ગાંધીનગરથી અમદાવાદ એસ.ટી.ની બસમાં નોકરી માટે આવ-જા કરતી 27 વર્ષની યુવતી કહે છે કે, "એકવાર આશ્રમ રોડ પર, બસ સ્ટેન્ડે રાત્રે 10-30 વાગ્યે બસની રાહ જોતી ઉભી હતી ત્યારે લગભગ 30 મીનીટમાં 7 મોટરસાયકલ સવાર યુવકોએ મને મુકી જવાની દરખાસ્ત કરી. એકે તો મને પુછ્યું પણ, મને ઓળખ્યો ? આપણે પાલડી બસ સ્ટેન્ડે મળ્યાં હતાં ? મેં તરત જ ઓફીસના લોકોને ફોન કરી બોલાવ્યા. એ લોકો તરત જ આવી ગયા અને હુ બસમાં બેઠી ત્યાં સુધી મારી સાથે ઉભા રહ્યા. બીજી એકવાર બસમાં એક પુરુષે મને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો પરંતુ હું ઉઠીને બીજી સીટ ઉપર જતી રહી. આવા અનુભવો છતાં એ યુવતી માને છે કે એ અમદાવાદમાં સુરક્ષીત છે."

બીજી 21 વર્ષીય યુવતી પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે કે, "પુરુષો તરફથી થતી અયોગ્ય ટીપ્પણીઓ અને ઈશારાઓએ એને વધારે મજબુત બનાવી છે. હું છેલ્લાં પાંચ વર્ષથી મારા પરીવાર વગર અહીં એકલી રહું છું. હું મોડે સુધી કામ કરું છું. ચોક્કસ, એવા અયોગ્ય પ્રસંગો પણ બન્યા છે. એકવાર હું અને મારી બહેનપણી અમારા ઘર તરફ ચાલતાં જતાં હતાં ત્યારે એક પુરુષે આવીને મારી બહેનપણીને અડપલું કરવા પ્રયત્ન કર્યો. છતાં એને લાગે છે કે અન્ય શહેરોની સરખામણીમાં અમદાવાદ વધારે સુરક્ષીત છે. રાત્રે 1 કે 2 વાગે પણ ગાડી ચલાવતાં ડર નથી લાગતો એવું સેટેલાઈટમાં રહેતી એ યુવતી કહે છે."

આ વીરોધાભાસની મારી સમજણ કંઈક આવી છે. પહેલાં તો આ સુરક્ષીતનું બીરુદ સરખામણીમાં છે. અમદાવાદ બીજાં શહેરો કરતાં સુરક્ષીત છે, મુંબઈ કે દીલ્હીની સરખામણીમાં અમદાવાદમાં સ્ત્રીઓ વીરુદ્ધના ગુનાઓનું પ્રમાણ ની:શંક ઓછું છે, એનો અર્થ એવો નહીં કે અમદાવાદમાં ગુનાઓ બનતા જ નથી, સ્ત્રીઓ સંપુર્ણ સુરક્ષીત છે. બીજું કે, જાહેર જગ્યાઓમાં સ્ત્રીઓની ઉપસ્થીતીની સંખ્યા અને કારણો વીસ્તારોની સરખામણીમાં પશ્ચીમ અમદાવાદમાં વધુ સ્ત્રીઓ બહાર રસ્તા ઉપર જોવા મળે છે - વાહન ચલાવતી, ચાલતી, ખરીદી કરતી, આનંદ-પ્રમોદ માણતી.

પરંતુ સુરક્ષીત શહેર વીશે ઓઢવ, નરોડા, ગણેશનગર, વટવાની સ્ત્રીઓનો અભીપ્રાય જુદો હશે. આવા ઔદ્યોગીક વીસ્તારમાં રહેતી સ્ત્રીઓનો અનુભવ સારો નથી. આ સ્ત્રીઓ મોટેભાગે સામાજીક-આર્થીક રીતે નબળા વર્ગની છે. દલીત, આદીવાસી, અન્ય પછાત અને મુસ્લીમ. તેઓ છેડતી સહીત વીવીધ પ્રકારની હેરાનગતી તથા બળાત્કારની ફરીયાદો કરે જ છે. આ ઘટનાઓ સમયાંતરે સમાચારપત્રોમાં ડોકાય પણ છે. છતાં, સી. જી. રોડ, એસ. જી. હાઈવે, જજીસબંગલો જેવા મોભાદાર વીસ્તારોથી દુર ઔદ્યોગીક વીસ્તારોમાં બનતી ઘટનાઓ શહેરમાં હોબાળો કે ચર્ચાનો વીષય બનતી નથી એટલે સુરક્ષીત શહેરનું બીરુદ સચવાતું રહે છે. એનો બીજો અર્થ એ પણ થાય કે આવા મોભાદાર વર્ગ અને વીસ્તારોની મહીલાઓ સુરક્ષીત છે, એટલે આખા અમદાવાદ શહેરની મહીલાઓ સુરક્ષીત છે ! આ નાનકડો મોભાદાર વર્ગ અને વીસ્તાર આખા શહેરનું પ્રતીક બની ગયો. વારંવાર દોહરાવાથી એણે સત્યનું રુપ ધારણ ભલે કર્યું છતાં, એ છે તો અર્ધ સત્ય જ.

અમદાવાદ મીરર, 30 ડીસેમ્બર-2016ના અહેવાલમાં કહે છે : મહીલા સુરક્ષા માટે મહીલા પોલીસની ચાંપતી નજર. પેટ્રોલીંગ માટે પસંદ કરાયેલ જગ્યાઓમાં પ્રગટ થતો વર્ગ-ભેદ. (એસ.જી. હાઈવે, સીજી રોડ, સાબરમતી રીવરફ્રંટ), પેટ્રોલીંગ માટેનો દીવસ (નવ વર્ષની પુર્વ સંધ્યા) તથા વીશેષ કાળજીજુથ (વીદેશી નાગરીકો ઉપર ધ્યાન રાખીશું) આ ખાસ નોંધવાલાયક બાબતો છે.

શહેર જ્યારે નવા વર્ષની ઉજવણીમાં મસ્ત હશે ત્યારે મહીલા પોલીસની ટુકડીઓ આ ઉજવણી દરમ્યાન મહીલાઓની સુરક્ષાનું ધ્યાન રાખશે. ક્રાઈમ બ્રાન્ચની મહીલા પોલીસ ઓફીસરોની એક એક ટુકડી એસજી હાઈવે, સીજી રોડ અને સાબરમતી રીવર ફ્રંટ ઉપર સાદા વેશમાં ફરતી રહેશે અને છેડતી કરનારાઓ તેમજ ગુનાખોરો ઉપર ચાંપતી નજર રાખશે. આસીસ્ટન્ટ પોલીસ કમીશ્નર પન્ના મોમાયાએ કહ્યું કે, મહીલાઓ માટે ખાસ પોલીસ વાહનો હશે

*મોભાદાર વર્ગ અને વીસ્તારોની મહીલાઓ સુરક્ષીત છે, એટલે આખા અમદાવાદ શહેરની મહીલાઓ સુરક્ષીત છે ! આ નાનકડો મોભાદાર વર્ગ અને વીસ્તાર આખા શહેરનું પ્રતીક બની ગયો.*

અને તેઓ હેલ્પલાઈન નંબર 1091 અને 181 ઉપર ફોન કરીને મદદ માગી શકશે. આગળ એ કહે છે, અમે વીદેશી નાગરીકો અને ખાનગી ઉજવણીઓમાં આમંત્રીત વીદેશી મહીલાઓ ઉપર ખાસ નજર રાખીશું. શંકાસ્પદ વીદેશી નાગરીકોના પાસપોર્ટ અને વીઝા પણ ચેક કરીશું.

ઉજાણી દરમ્યાન સાવચેતીનાં પગલાં સુચવ્યાં તેમાંનું એક છે, અજાણ્યા રસ્તે જવું નહીં. અહીં સાવચેતીના પગલાંની વ્યવહારીકતા પર સવાલ ઉઠાવ્યા વગર પણ એટલું તો જરુર પુછી શકાય કે, જો અજાણ્યા રસ્તા સુરક્ષીત ના હોય તો શહેર શીદને સુરક્ષીત કહેવાય ? આ સમયગાળા દરમ્યાન ટ્રાફીક પોલીસે પણ બંદોબસ્ત રાખ્યો હતો. એમણે બાઈક ઉપર 26 ટીમો પેટ્રોલીંગમાં મુકી હતી. દરેક ટીમ 4 કી.મી. વીસ્તારમાં પેટ્રોલીંગ કરે. પહેલીવાર કેમેરા જેકેટનો ઉપયોગ કરાયો. આ બધાં પગલાં ઉમદા અને આવકાર્ય છે. પરંતુ નવા વર્ષની પુર્વ સંધ્યા પુરતાં જ કેમ ? બાકીના દીવસોમાં કેમ નહીં ? અને સીજી રોડ, એસજી હાઈવે, રીવરફ્રંટ ઉપર જ શા માટે ? ઓઢવ, નરોડા, વટવામાં રોજ કેમ નહીં ? આવા સવાલો સુરક્ષીત શહેરના સંદર્ભમાં ઓછા જ પુછાય છે.

હાલમાં શહેરના મોટાભાગના વીસ્તારો હજીયે રહેણાંક અને વ્યાપારી એમ મીશ્ર ઉપયોગમાં છે બંને પ્રવૃત્તી ચાલે છે. લારી-ગલ્લાઓ, ફેરીયાઓ, દુકાનો વગેરે ઠેર ઠેર જોવા મળે છે. કોઈપણ દીવસોમાં આ સ્થળોએ રાત્રે 11-30, 12 વાગ્યા સુધી લોકો/વાહનોનો ધમધમાટ રહે છે તેનાથી પણ રસ્તે પસાર થતા લોકોને સુરક્ષીત હોવાનો અહેસાસ રહે છે. તો પછી ગેટેડ કોમ્યુનીટી (બંધીયાર સમાજ) અને ઝોન્ડ પ્લાનીંગ (વીસ્તાર પ્રમાણે પ્રવૃત્તી) તરફ આગળ વધી રહેલા શહેરમાં મહીલા સુરક્ષાનું શું ? (સૌજન્ય : આર્ચીપ્રી ડોસીયર, ફેબ્રુઆરી-2017, સેપ્ટ યુની.)

❑

# પાલીતાણામાં 'ભીમ બ્રીગેડ યુવા ગ્રુપ' સાથે

**ફાધર વર્ગીસ પૉલ**

પાલીતાણામાં દેશવીદેશના હજારો જૈન યાત્રીકો તથા ઈતર ધર્મોના પ્રવાસીઓ મુલાકાતે આવે છે.

પીસ્તાલીસેક વર્ષ પહેલાં ગુજરાતમાં મારા સાંસ્કૃતીક ઘડતરના ભાગરુપે પાલીતાણાના પર્વતની ટોચ પરના જૈન દેરાસરો અને ભગવાન આદીનાથની મુર્તીઓનાં દર્શન કરવાની મને તક મળી હતી. પરંતુ આ વખતે 2017 એપ્રીલના બીજા અઠવાડીયામાં પાલીતાણા ખાતે સેવા બજાવતાં કાર્મેલાઈટ ફાધર મેથ્યુ કાલત્તુર, CMI અને ત્યાંના ખ્રીસ્તીઓના આમંત્રણથી હું પાલીતાણા પહોંચ્યો હતો. ત્યાં રેલવે ક્રોસીંગ પાસે સેન્ટ મેરીસ પ્રાર્થનાલય (ચર્ચ) અને ત્યાંથી થોડે દુર એક મુસ્લીમ મસ્જીદ પણ જોવામાં મને સાનંદાશ્ચર્ય થયું હતું. પાલીતાણામાં સોએક ખ્રીસ્તીઓની વસતી છે. મુસ્લીમોની વસતી એના કરતાં વધારે છે.

પરંતુ મને સૌથી વધારે નવાઈ પમાડનાર બાબત પાલીતાણા અને આસપાસના દલીત લોકોએ 'ભીમ બ્રીગેડ યુવા ગ્રુપ'ના નેજા હેઠળ યોજેલી ડૉ. ભીમરાવ આંબેડકરની 126મી જન્મજયંતી ઉજવણીની હજારેક લોકોની ભવ્ય જાહેરસભા હતી.

પાલીતાણા ખાતે વડીયા રોડ પાસે ગણેશનગરમાં વીશાળ મંડપના મંચ પર વીસેક મહાનુભાવો હતા. એમાં ભાવનગરથી આવેલા મુખ્ય બે વક્તાઓ શ્રી કે. બી. બાબરીયા સાહેબ અને શ્રી બીપીનભાઈ ચાવડા સાથે આદરણીય પંન્યાસ પ્રવરશ્રી વીરાગ સાગરજી અને ફાધર મેથ્યુ કાલત્તુર, CMI જેવા ધાર્મીક પ્રતીનીધીઓ, દલીત સમાજના આગેવાનો, શહેરનાં નાગરીક નેતાઓ, રાજકીય આગેવાનો હતા.

બીપીનભાઈ ચાવડાએ દલીતોદ્ધાર માટે વીશેષ તો શૈક્ષણીક, સામાજીક, આર્થીક અને રાજકીય ક્ષેત્રોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરેલી અનન્ય સેવાઓનો શ્રોતાજનોને ખ્યાલ આપ્યો હતો. બીપીનભાઈ ચાવડાએ કહ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે તૈયાર કરેલા બંધારણને કારણે આપણે આજે જે સ્થીતીમાં છીએ તે સ્થીતીમાં પહોંચી શક્યા છીએ. બાબરીયા સાહેબે મનુસ્મૃતીમાંથી અવતરણો આપીને આજે પણ કહેવાતા ઉચ્ચવર્ણના લોકની માનસીકતાનો ખ્યાલ આપવા સાથે એમાંથી દલીત લોકોને છોડાવવા ડૉ. આંબેડકરના ક્રાંતીકારી પગલાંનું વર્ણન કર્યું. એમણે વધુમાં કહ્યું કે, આપણા ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરના પ્રતાપે મનુસ્મૃતીની સંસ્કૃતીથી બચીને આપણે સ્વમાન અને સમાનતાની ભાવનાથી જીવી શકીએ છીએ.

મારા ટુંકા પ્રવચનમાં મેં નાગપુર ખાતે દીક્ષાભુમીની મારી

તાજેતરની મુલાકાતની વાત કરી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે 1935માં કહ્યું હતું કે, 'હું હીન્દુ ધર્મમાં જન્મ્યો છું. પરંતુ હીન્દુ તરીકે મરીશ નહીં.' ડૉ. આંબેડકરે 14 ઑક્ટોબર 1956ના રોજ દીક્ષાભુમીમાં પોતાની પત્ની સાથે બૌદ્ધધર્મ અપનાવીને પોતાના વચનને સાચું ઠરાવ્યું હતું. એટલું જ નહી પણ તેમણે પોતાના 6 લાખ જેટલા દલીત અનુયાયીઓને 22 વ્રતો લેવડાવીને બૌદ્ધધર્મમાં લાવ્યા અને સમગ્ર દુનીયામાં એકસાથે સૌથી મોટા ધર્મપલટાનો વૈશ્વીક ઈતીહાસ સર્જ્યો !

વળી, મેં કહ્યું કે, કેટલાક વક્તાઓ સાથે લોકો આજે ડૉ. આંબેડકરને દલીતોના મસીહા તરીકે પોંખે છે. પરંતુ મારી દૃષ્ટીએ આંબેડકર ફક્ત દલીતોના મસીહા નથી. પણ તેમણે કહેવાતા સવર્ણ લોકોને કોમવાદી માનસીકતા અને મનુસ્મૃતીની પકડમાંથી મુક્ત કરવાને પણ નોંધપાત્ર પ્રદાન આપ્યું અને એમની દોરવણી હેઠળ ઘડેલા ભારતીય બંધારણની દૃષ્ટીએ આંબેડકરને સમગ્ર ભારતવાસીઓના મસીહા પણ ગણવા જોઈએ. હીન્દુ શાસ્ત્રોની 'ઢોર, ગમાર, શુદ્ર ઔર નારી સબ તાડન કે અધીકારી' જેવી ઉક્તીને આંબેડકરે જ જાહેરમાં પડકારી છે.

ડૉ. આંબેડકરે દલીતો સામેની અસ્પૃશ્યતાના નીવારણ માટે ઘણું બધું કર્યું છે. છતાં નરી વાસ્તવીકતા એ છે કે, આજે પણ અમુક લોકો, વીશેષ તો ગામડાંઓમાં અસ્પૃશ્યતા રાખે છે ! અસ્પૃશ્યતા રાખનાર અને અસ્પૃશ્યતાના તાબે રહેનાર - બંનેની માનસીકતા બદલવાની જરુર છે. અસ્પૃશ્યતાના સર્વ પ્રકારના દેખાવ સામે નક્કર પગલાં લેવાની જરુર છે. જ્યાં સુધી અસ્પૃશ્યતા સામે લડવામાં ન આવે ત્યાં સુધી દલીતોને બીજા બધા લોકો સાથેની સમાનતા અને સ્વમાનનો અધીકાર મળવાનાં નથી.

પાલીતાણાથી પરત આવીને આ અહેવાલ લખી રહ્યો છું ત્યારે મને 'વૉટ્સ એપ' દ્વારા એક વીડીયો મળ્યો. 'શીવાજી' નામે મોકલેલા વીડીયોમાં જણાવ્યું છે કે (ક્યાંક) ગુજરાતમાં કહેવાતા ઉચ્ચ વર્ણની હીન્દુ સ્ત્રીઓએ પોતાના વીસ્તારના નળના પાઈપ પરથી પાણી ભરવા બદલ બે દલીત બહેનોને નવસ્ત્ર કરીને મારઝુડ કરે છે, લગાતાર મારે છે, લાત પર લાત મારે છે, વાળ ખેંચે છે. આસપાસ પુરુષોનું વર્તુળ દેખાય છે. દેખીતી રીતે મારઝુડનો ભોગ બનેલી બહેનોના રડારોડથી લોકોનું ટોળું ભેગું થયું હશે. પરંતુ ભેગા થયેલા સ્ત્રી-પુરુષોનાં દેખતા મારઝુડ ચાલુ રહેતી જોઈને મને તો ઘૃણા થાય છે, ચીતરી ચડે છે.

શું માનવતા મરી પરવારી છે ? કહેવાતા ઉચ્ચ વર્ણના લોકોમાં અસ્પૃશ્યવાળી માનસીકતા કેટલા ઉંડાણમાં ઘર કરી રહી છે એનો બોલતો દાખલો છે દલીત બહેનને નવસ્ત્ર કરીને મારઝુડ કરતું દૃશ્ય. તો મને પ્રશ્ન થાય છે કે, એ વીડીયો નકલી છે ? દલીત યુવાનોને દોરડાથી બાંધીને ઢોર માર મારતા ગૌરક્ષકોનું આતંકવદી ઉના કાંડ બીજે પણ ચાલુ છે એનો ખ્યાલ આપવા માટે કોઈએ નકલી વીડીયો ફીલ્મ બનાવી છે ?

ગમે તેમ, પણ પાલીતાણા ખાતે 'ભીમ બ્રીગેડ યુવા ગ્રુપ' આયોજીત વીશ્વરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની 126મી જન્મજયંતીની ભવ્ય ઉજવણીમાં હાજર રહેવાથી મને લાગ્યું કે, આજનો દલીત યુવાન ડૉ. આંબેડકરના આદેશને અનુસરવા કટીબદ્ધ છે : 'શીક્ષીત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો.' ❑

# 21 જુન – વીશ્વયોગ દીવસનો તાયફો

**ટી. પી. બાબરીયા**

અષ્ટાંગ યોગ નામે ઓળખ ધરાવતા યોગાભ્યાસમાં યોગના આઠ અવયવોનો ઉલ્લેખ છે. વીશ્વયોગ દીવસ નીમીત્તે 'યોગ'ના નામે મોટે ઉપાડે થતા પ્રદર્શનમાં તેમાંના માત્ર આસન અને પ્રાણાયામ એમ બે અંગોનો ખંડ અભ્યાસ કરતો / કરાવતો માનવ સમુદાય જોવામાં આવે છે. આ પ્રક્રીયાને પુર્ણ યોગાભ્યાસમાં ખતવી શકાય ? વાત શંકાયુક્ત નથી. કરવામાં આવતા આસનો માત્ર શારીરીક અંગમરોડ, સ્નાયુઓના ખેંચાણના વ્યાયામ સીવાય કશું નથી. આસનો એક પ્રકારની વજન-વહનક્ષમતા (Waight bearing) ઉદ્દીપક કસરત માત્ર છે. તેનાથી થતા લાભો કોઈપણ વ્યક્તી દ્વારા થતા અન્ય શારીરીક શ્રમના કાર્યો કે કસરતો, જેમ કે : જોગીંગ, ઝડપી ચાલ (Brisk Walk), એરોબેટીક્સ, સાયક્લીંગ, સ્વીમીંગ, વોલીબોલ, બેડમીંગ્ટન, ટેનીસ, અન્ય મેદાની રમતો, નૃત્ય વીગેરે કરતા વધુ હોવાની સંભાવના નહીવત છે. સુર્ય નમસ્કાર, નમાજ વીગેરે મારફત થતી હલનચલનની ક્રીયાઓથી પણ એવા જ સ્નાયુઓ અને સાંધાઓની સ્થીતી-સ્થાપકતા (Flexibility)ના લાભ મળતા હોય છે.

શરીર સ્વાસ્થ્યની જાળવણીમાં સહાયક થતા લાભ ઉપરાંતના યોગના નામે ચડાવાતા ગુણધર્મોના જે મોંફાટ વખાણ કરવામાં આવે છે તેની ખરાઈ ખરેખર સંશોધનનો વીષય છે. હાલ તો હયસો હયસોમાં બધુ લોલમ્લોલ ચાલતું દેખાય છે.

દ્વીતીય વીશ્વ-યોગ દીવસની ઉજવણી અને તેને સંલગ્ન જાહેરાતો તેમજ ક્રીયાન્વયનમાં અતીશયોક્તીના સીમાડાના ઉલ્લંઘનનું વરવું દ્રષ્ટાંત જોવા મળ્યું. 'સરકારી યોગ'ના નામના આ રોગના ભોગ બનાવવા માસ-હીસ્ટરીયાનો વાયરસ વધુમાં વધુ વકરે એવા ઉચ્ચસ્તરીય આદેશો અને બધા સ્તરના નાના-પ્રકારના પ્રયાસોનો અભીગમ પણ અતીશયતાના સીમાડા પાર કરતા માલુમ પડ્યા.

21મી જુનની સવારના ઉડીને આંખે વળગે એવાં કેટલાંક વરવા ચીત્રો પણ દ્રશ્યમાન થયા. સ્વચ્છતા અને ગણવેશ પરીધાન વી. બાબતે લોકોના દેખાડો કરવાના પ્રયાસો પણ ઉત્તમ કોટીના સાબીત થાય એનું ધ્યાન રખાયું હોય, બધું ભવ્યતાના ભપકા કે ઠઠારામાં પ્રદર્શન - પુરક બની રહ્યું.

આ ભયંકર ભવ્યતાના સુપર સીનેરીયોમાં ભારતના શ્રમીકો, મજુરો પોતાના મેલાઘેલા પોષાક કે પાથરણા ગોદડી ધડકી વગેરે સાથે ક્યાંય જોવામાં ન આવ્યા. કદાચ આ સમુહને વીકાસયાત્રામાં ભાગીદાર થવા લાયક ગણતરીમાં લેવા બાબતે સત્તા વર્તુળને રસ ન હોય !!! બીચારા સવારથી સાંજ સુધી મનરેગા, શેરી, રસ્તા, બહુમાળી ઈમારતો, મહાલયો, ખાણો, ભારખટારાં વીગેરે મુળભુત ઢાંચાના વીકાસ કાર્યોમાં ઈંટ, કાંકરેટ, પથ્થર, પાણી, રેતી, ધુળના ભારનો માર સહન કરતા કરતા યોગ પ્રુફ થઈ ગયાં હોવાની ખાતરી પ્રશાસકોને થઈ ગઈ હોવી જોઈએ !!

ઉપરાંત યોગાસનોના કાર્યક્રમમાં સામેલ કેટલાક યોગોન્મુખ નાગરીકોને સ્વસ્થ શરીરના કેટલાક પ્રાથમીક પરીમાણો ક્ષમતાદર્શક માનકો સાથે દુરનોય સંબંધ નાતો ન હોય એવું દેખાતું હતું. દા.ત. કેટલાકના BMI (Body Mass Inder) 30++ તો કેટલાકના હીપ-વેસ્ટ અનુપાન 1-5થી પણ વધારે હોય એવું સ્પષ્ટ વર્તાતું હતું. કેટલાકને પુરેપુરા વાંકા વળીને પગના અંગુઠા પકડવામાં જોજનોનો ગાળો પડતો દેખાઈ આવતો હતો, તો કેટલાક અંગમરોડના પ્રયાસમાં હાસ્યાસ્પદ રીતે અસફળ થતા જોઈ શકાતા હતા. છતાં પણ આ સર્વ ગુણીજનો ભવ્યતાના દેખાડાના ભારમાં પોતાના કદરુપાપણાની જાણકારી સામે જાણે આંખમીંચામણા કરતા હોય એવું સ્પષ્ટ લાગતું હતું.

ખેર ! વીશ્વફલક પર યોગાસનોના આ ભવ્યાતીભવ્ય તમાશા દ્વારા 'યોગ'નું કોર્પોરાઈટેશન કરી બહુરાષ્ટ્રીય કંપનીઓ (MNC)ની કક્ષાએ સ્થાપન કરી શકવાની આકાંક્ષા ફળીભુત થતાં યોગ નીષ્ણાંત શ્રી રામદેવ અને તેના રાજકીય આશ્રયદાતાઓ જરુર પ્રશંસાના અધીકારી બન્યા છે. અન્યથા આયોજનમાં, યેનકેન પ્રકારે વીશ્વવીજય કરી બતાવવાની હીટલરી- માનસીકતાના તામસી અહંભાવ સંતોષવાની વાસનાના પરીતોષ સીવાય વીશેષ કશુ હોવા અંગે તર્ક-યજ્ઞ નાગરીક માટે વીચાર સંશોધનનો વીષય છે.

છતાં, ચાલો આ પ્રસંગને રાષ્ટ્રભક્તીનું પ્રદર્શન કરવાના ઉમંગ સાથે, વીશ્વને ભારતના આ પારસમણીની ભેટ સબબ, ઉજવણી અન્વયે અભીનંદન આપીએ અને આશા કરીએ કે ગરીબો મજદુરો, શ્રમીકો, પીડીતો, દલીતોને પણ સ્વાસ્થ્ય જાળવણીના પ્રયોગોમાં સામેલગીરી કરવાની ક્યારેક તક મળશે ?! ❑

## શું VIP કલ્ચર દુર થયું ખરું ?

**પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

કેન્દ્ર સરકારે પ્રધાનો વ.ની મોટરકાર પરથી લાલબત્તી હટાવવાના જાહેર કરેલ નીર્ણયનાં, જાણે દેશમાંથી ગરીબી દુર થઈ ગઈ હોય તેમ મીડીયામાં વધામણાં થયાં અને આ નીર્ણયથી કેન્દ્ર સરકારે જાણે મોટો વાઘ માર્યો હોય તેવી છાપ ઉભી કરવામાં આવી.

વાસ્તવમાં તો દેશની સર્વોચ્ચ અદાલતે આજથી 4 વર્ષ અગાઉ કરેલ આ હુકમ છે અને આટલા લાંબા સમય બાદ તેનો અમલ કરાવાઈ રહ્યો છે. ચાલો વીલંબ માફ ! પરંતુ તેમાં રાજનીતી દાખલ કરી તેમાંથી જશ ખાટવાનો કેન્દ્ર અને રાજ્ય સરકારનો પ્રયત્ન અનુચીત છે. (આ પ્રસંગે ગુજરાતી દૈનીક 'દીવ્ય ભાસ્કર'ને અભીનંદન આપવા ઘટે. કારણ કે આ અખબારે કોઈપણ પ્રધાનનો મોટરકાર પરથી લાલબત્તી ઉતારતો ફોટો પ્રગટ ન કરવાનો નીર્ણય જાહેર કરેલ હતો.) પશ્ચીમ બંગાળનાં મુખ્યમંત્રી મમતાના બેનરજી અને પંજાબનાં મુખ્યમંત્રી અમરીંદરસીંગ આ નીર્ણયનો અમલ વર્ષો અગાઉ કરી ચુક્યા છે. તેમણે કોઈએ જશ ખાટવા પ્રયત્ન કર્યો નથી. આ નીર્ણયથી દેશમાંથી VIP કલ્ચર દુર થવાનો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો દાવો નીરાધાર છે. આ

દેશમાં VIP કલ્ચર દુર થયેલ ત્યારે જ કહેવાય કે જ્યારે, -

*1. રાષ્ટ્રપતી, વડાપ્રધાન, મુખ્યમંત્રી, રાજ્યપાલ જેવા મહાનુભાવ ક્યાંય પ્રવાસે કે મુલાકાતે ગયેલ હોય ત્યારે ટ્રાફીક માટે રસ્તા બંધ કરવામાં ન આવે. કારણ કે 2012માં તત્કાલીન વડાપ્રધાન મનમોહનસીંગ ચંદીગઢ કોલેજની મુલાકાતે ગયેલા ત્યારે એક સ્ત્રીને તેણીના પતીની કીડનીની ગંભીર બીમારી હોવા છતાં પ્રવેશબંધ કરાયેલ હોવાથી દર્દીનું મોત થયું હતું. દેશનાં અન્ય રાજ્યોમાં આ પ્રકારે રસ્તા રોકવાથી દર્દીઓ મૃત્યુ પામેલ હોવાના બનાવો બન્યા છે.*

*2. મહાનુભવના પ્રવાસ કે મુલાકાત વખતે રસ્તાઓ બંધ કરી દેવાયેલ હોય ત્યારે અટવાઈ પડેલ દર્દીનું મોત થાય તો આવા મહાનુભવને જવાબદાર ઠરાવવા જોઈએ.*

*3. મહાનુભવની મુલાકાત કે પ્રવાસ વખતે તેમની આગળ પાછળ પોલીસ ગાડીઓનો કાફલો ગેરહાજર હોવો જોઈએ.*

*4. હોદ્દાનો કાર્યકાળ સમાપ્ત થયા બાદ પ્રધાન કે સંસદ (ધારા)સભ્યે બંગલો / મકાનનો તત્કાળ ખાલી કબજો સોંપી દેવો જોઈએ.*

*5. કોઈ પ્રધાનને કચેરી કે બંગલો ફાળવવામાં આવે ત્યારે તેમાં મનઘડંત ફેરફાર કરવાની કે ફર્નીચર ખરીદવાની કે તેમાં તોડફોડ કરવાની છુટ હોવી જોઈએ નહીં.*

*6. રાષ્ટ્રપતી કે વડાપ્રધાનને, તેમની વીદેશની મુલાકાત વખતે, કુદરતી આપત્તી સીવાય, સંસદની મંજુરી સીવાય, આરોગ્ય, શીક્ષણ, રેલ્વે, માર્ગ નીર્માણ, વ. કારણસર, ખેરાત જાહેર કરવાની સત્તા હોવી જોઈએ નહીં. કારણ કે આપણા દેશમાં માર્ગ નીર્માણ, રેલ્વે, શીક્ષણ, આરોગ્ય સેવાઓ ખખડધજ હાલતમાં છે, ત્યારે 'ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો' ? આ કેવી વાત ?*

*7. કોઈપણ પ્રજાજનને કોઈપણ પ્રધાન, સચીવ કે ઉચ્ચ અધીકારીને તેમની કચેરી / કેબીનમાં બેરોકટોક મુલાકાતનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ. કારણ કે તેઓ બધા જાહેર સેવકો છે અને પ્રજાના પરસેવાની કમાણીમાંથી જ તેમને પગાર-ભથ્થાંઓ વ. ચુકવાય છે.*

*8. પ્રજાની ફરીયાદો સાંભળવા અને તેના ઉકેલ માટે અલગ વ્યવસ્થાતંત્ર હોવું જોઈએ. સમયબદ્ધ કામ ન કરનાર અધીકારી / કર્મચારી સામે શીક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ.*

*9. હાઈકોર્ટ કે માહીતી અધીકાર આયોગના હુકમોનું પાલન ન કરનાર વીભાગીય વડાને તત્કાળ ફરજ મોકુફ જાહેર કરવા જોઈએ.*

*10. માર્ગ, ડેમ, શાળા, પુલ, કચેરી જેવા તૈયાર થાય કે તરત જ લોકાર્પણ કે ઉદ્ઘાટન વીધી વગર જ લોકોપયોગ માટે ખુલ્લા મુકવા જોઈએ. નેતાના સમયના અભાવે અનેક નીર્માણ થયેલ રસ્તાઓ ખુલ્લા મુકાતા નથી. આમ તૈયાર થયેલ સગવડ વીના વાંકે અગવડ બની રહે છે તે કેમ ચાલે ?*

*11. પ્રધાનો, સચીવો, ઉચ્ચ અધીકારીઓ, વ. અઠવાડીયામાં પાંચ દીવસ પ્રજાના પ્રશ્નોના નીકાલ માટે કચેરીમાં હાજર રહેવા જોઈએ. લોકસંપર્ક / પ્રવાસ માટે 1 દીવસ પુરતો છે. ઉદ્ઘાટનોની સંખ્યા પર પાબંદી હોવી જોઈએ.*

*12. ચાલુ દીવસે અને કચેરી સમયે પ્રધાનોએ પક્ષની સભામાં હાજરી આપવા પર પ્રતીબંધ હોવો જોઈએ.*

❑

# પત્રસાર

મુરબ્બીશ્રી યશવંતભાઈ મહેતા

પ્રણામ,

જેમ વ્યક્તીની લોકપ્રીયતા વધતી જાય તેમ તેની કટ્ટરતા પણ વધતી જાય. ઘણું કહી દીધું ! સાહેબ.

શું આપણે મધ્યયુગ તરફ તો નથી જઈ રહ્યા ને !

શું થઈ રહ્યું છે ? હજુ કેટલા ભોગ લેવાશે ! કલ્પનાથી ધ્રુજારી છુટે છે.

હવે આપણે કાંઈક કરવું રહ્યું.

આપનો,

**દાસ**

*

**સ્નેહી ઈન્દુભાઈ,**

આપે તા. 16-4-2017ના સાંપ્રત લેખમાં 'શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?' જોરદાર લખ્યું છે. અત્યારે જે ઈન્ડીયામાં થઈ રહ્યું છે એની પાછળ હું માનું છું કે, સીધી કે આડકતરી રીતે વડાપ્રધાનનો ટેકો છે. આપનો લેખ બીબીસીની વાતને પુરવાર કરે છે કે, મોદી લોકોમાં આશા જગાડીને સત્તા પર આવ્યા. પણ હવે સત્તા પર આવ્યા પછી આશાને સ્થાને લોકોમાં ભય વ્યાપી રહ્યો છે. હું ઈચ્છું છું કે, આપના સાંપ્રતમાં 'ક્લીન ચીટ' - 'ક્લીન ચીટ'ની રસપ્રદ રમત...' અને 'પારદર્શીતા અને જવાબદેહીતા વગરનું 'સુશાસન' !'નાં લખાણો કોઈ મોટા છાપામાં આવ્યાં હોત તો વધારે સારું થાત.

હું લગભગ નીયમીત 'ટાઈમ્સ ઓફ ઈન્ડીયા' વાંચું છું. પરંતુ આપે નીચે છાપેલા સમાચાર મારા ધ્યાનમાં આવ્યા નહોતા : '2016 : Year of pain for Gujarat

Dalits : છેલ્લા 16 વર્ષમાં સૌથી વધુ અત્યાચારો ગુજારાયા : બળાત્કાર - 80, હત્યા-32, અત્યાચારો- 1353. (ટાઈમ્સ : 2-3-2017)'. હું વીચાર કરું છું કે, આ સમાચાર હું મારા વૉટ્સ-એપ અને ફેઈસ બુકના પાનાં પર મુકી વધારે ને વધારે લોકો સુધી પહોંચાડુ.

સપ્રેમ

**ફાધર વર્ગીસ પોલ, એસ. જે.**

ડાયરેક્ટર

*

તંત્રીશ્રી,

શ્રી ઈન્દુકુમાર જાની

લોકવીચાર

**ગુજરાતી ભાષા, રાજ્ય સરકાર**

અત્યારે આપણા ગુજરાતમાં, મોટા ભાગના શહેરો અને ગામડાંઓમાં બોર્ડ ગુજરાતીને બદલે અંગ્રેજીમાં જોવા મળે છે. મહારાષ્ટ્રમાં તમામ દુકાનો અને જાહેર સ્થળો ઉપર મરાઠી ભાષામાં (અંગ્રેજીની સાથે) બોર્ડ વાંચવા મળે છે. આપણા ગુજરાતમાં અંગ્રેજીની સાથે ગુજરાતી ભાષામાં બોર્ડ જરુરી છે, તમામ હોટલો, સંસ્થાઓ, લીફ્ટમાં, જાહેર જાજરુ, બાથરુમ તેમજ જાહેર ખબરમાં ગુજરાતી લીપીમાં શબ્દો જરુરી છે. આ માટે ગુજરાતી સાહીત્ય પરીષદ, તમામ લેખકો, પત્રકારોએ ઝુંબેશ ચલાવી જોઈએ, જેનાથી ગુજરાતી ભાષાનો પ્રચાર થશે, પ્રજા જ્ઞાની થશે, તેમજ તેનાથી વેપાર-ઉદ્યોગ-ધંધાને પણ ફાયદો થશે.

**હીમ્મત શાહ**

સમયજળ અવીરત વહેતું જ રહે છે. સમયને કાળદેવતા પણ કહીએ જ છીએ. ચોગરદમ જે ચાલી રહ્યું છે એ સમયજળ જોતું જ હશે. કાળદેવતાની આંખ બધે જ ફરતી જ હશે ને ! સાંપ્રત વિશ્વના તખ્તા પર જે બધું ખેલાતું, ભજવાતું, ભીડાતું, રહ્યું છે, એ જોઈ, જાણી, સમજીને, કોઈપણ વેદનપટુનું હૈયું હચમચી જાય એવું વાતાવરણ છે. યુદ્ધની ભેંકારતાને, યુદ્ધ પછીની અરાજકતાને, ભયાવહ સ્થીતી કોણ નથી જાણતું ને છતાં જુદા જુદા વરવાંરુપે એ ખેલાતું જ રહ્યું છે ને રહે છે ! વેરના વળામણાં તો રક્તના એ બુંદ જેવું છે જેમાંથી અસંખ્ય રાક્ષસ જન્મે, પણ ક્યાં છે જંપવારો ? ક્યાં છે શાંતીના કબુતરોનું ઉડ્ડયન ! ભ્રષ્ટાચારના ભોરીંગથી કોણ અપરીચીત છે ને છતાં એને નાથવામાં નાસીપાસ આપણે લાચાર બની જોઈ રહીએ છીએ. સહદેવ પાસે ત્રીકાળજ્ઞાન હતું તો સાથોસાથ ભયંકર લાચારવશતાય હતી. વેદનાશીલ માનવી ત્રીકાળજ્ઞાની તો નથી પરંતુ એની સમજ સાથે ચાલનાર સહપંથા ક્યાં છે ? આ વેદનાના વમળોમાં એ અટવાય છે ને કદીક એ વમળ કળણ પણ બને છે. આ છે અભીશાપ !

**- ડૉ. સીલાસ પટેલીયા**

❑

# ઔડા (અમદાવાદ)માં સમાવાયેલાં 68 ગામ મોરચો માંડે છે !

**સાગર રબારી**

શરુઆતમાં છવાયેલો વીકાસનો નશો ધીરે ધીરે ઉતરતો વર્તાય છે. હીંમતનગર, જુનાગઢ, મોરબી-વાંકાનેર, સુરત, બારડોલી, નવસારી, ભરુચ-અંકલેશ્વરમાં શહેરીકરણનો વીરોધ થયો. ઘણે અંશે લોકો સફળ થયા. ખેડુતો અને ગામડાં વીશે શહેરી સમાજમાં જે છાપ પ્રવર્તે છે તેમનાં મન માનતાં નહોતાં કે ગામડાં શહેરમાં ભળવાની ના પાડે ? એમની માન્યતાને પહેલો ધક્કો હતો. હવે આ 'વીકાસ'ને નામે થતા 'વેપાર'ની વાસ્તવીકતા અમદાવાદને પાદરે વસતાં ગામડાં સુધી આવી પહોંચી છે. અમદાવાદના ભાવી વીસ્તરણના ભાગરુપે ઔડા- AUDA (Ahmedabad Urban Development Authority)એ અમદાવાદના 43 ગામો, અને ગાંધીનગરનાં 25 ગામો મળી કુલ 68 ગામો વીકાસ નકશામાં સમાવી એમનો ડેવલપમેન્ટ પ્લાન 2021 બનાવવા માટે 2009માં, જાહેરનામા ક્રમાંક : GH/V/12 of 2009/ UDA- 112008-L પ્રસીદ્ધ કર્યું હતું.

2009માં બહાર પડેલા આ જાહેરનામાથી 68 ગામોની કુલ 625 ચો.કી.મી. (62,500 હેક્ટર) જમીન ભોગ બનવા જઈ રહી છે. શરુઆતમાં લોકોને હતું કે સગવડો વધશે, જમીન જશે એની જાણ નહોતી.

62,500 હેક્ટરમાં વીસ્તરનારા અમદાવાદનો હાલનો

વીસ્તાર અને વસ્તી જોઈએ તો, વીકી પીડીયા પર ઉપલબ્ધ માહીતી અનુસાર દસમી સદીમાં, સાબરમતી નદીને કીનારે વસેલું આ શહેર આશાવલ કે આશાપલ્લી તરીકે ઓળખાતું, 10મી સદીમાં આશાવલ મોટી વસ્તી ધરાવતું, વ્યસ્ત, વેપાર અને ઉત્પાદન કેન્દ્ર તરીકે સુખી શહેર હતું. 11મી સદીમાં પાટણના ચૌલુક્ય વંશના રાજવી કરણાએ અણહીલવાડ પાટણને બદલે આશાવલને રાજધાની બનાવ્યું ત્યારથી એનું વીસ્તરણ અને વીકાસ ઝડપી બન્યો. છતાં, આટલા વરસે 10 મી સદીથી 21મી સદી સુધીમાં હાલ અમદાવાદનો કુલ ભૌગોલીક વીસ્તાર 205 ચો.કી.મી. (20,500 હેક્ટર)નો છે ! 2011ની ગણતરી પ્રમાણે કુલ વસ્તી 63,57,700 છે. અમદાવાદની વસ્તી ગણતરી અનુસાર, નોંધાયેલી વસ્તી વધારાનો દર 1971-81માં 3.87 ટકા, 1981-91માં 2.57 ટકા, 1991-2001માં 3.17 ટકા અને 2001-2011ના દાયકામાં 3.46 ટકા છે. છેલ્લા દર 3.46 ટકા પ્રમાણે ગણીએ તો પણ નવા સમાવાયેલા 62,500 હેક્ટરની વસવાટના હેતુ માટે જરુર ક્યારે પડવાની ? રહેણાંકની બદલાતી ઢબ, સ્વતંત્ર મકાનને બદલે બહુમાળી ફ્લેટોમાં રહેવાના વધતા ચલણની સાથે, જનસંખ્યા અનુસાર અગાઉ જેટલી જમીન વપરાતી હતી તેના કરતાં હવે ઓછી વપરાવાની, એવા સંજોગોમાં આટલો મોટો વીસ્તાર શા માટે ?

જાહેરનામું બહાર પડ્યું ત્યારે તો આ ગામડાંના લોકોને એ જ ખબર નહોતી કે જાહેરનામાથી એમના જીવન, ખેતી, પશુપાલન પર શું અસર થશે. સાગમટે બોલાતી ‘વીકાસ’ની જય, વીકાસના હૈસો હૈસોમાં એમનેય લાગ્યું કે આપણો વીકાસ થશે ! ક્યારે, કેવો અને કેટલો એ ના કોઈએ પુછ્યું, ના કોઈએ કહ્યું !

ધીરે ધીરે, આટલાં વરસે સમજાયું કે સગવડમાં તો કોઈ વધારો થયો નથી પરંતુ જમીન, ખેતીની, પડતરની, ખરાબાની, ગૌચરની જાય છે ! વીકાસ નહીં, આપણો તો વીનાશ થાય છે ! એટલે, લોકો મોરચો માંડવા સજી રહ્યા છે. જાહેરનામું બહાર પડ્યા પછી ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના અધીકારો ઉપર તરાપ આવી ગઈ છે. લોકશાહી પ્રક્રીયાનો પાયો કહેવાતી સ્થાનીક સ્વરાજની સંસ્થાઓના અધીકાર ઉપર તો તરાપ છે, સાથે સાથે, ઈચ્છુકોના રાજકીય જીવન પ્રવેશ અને કેળવણીના ક્ષેત્ર પર રોક લાગી જાય છે.

લોકોની શરુઆતની આશા-ગામડાંના વીકાસનું ધીરે ધીરે મરણ થયું. સમજાવા માંડ્યું કે, ના રોડ-રસ્તા-ગટર બન્યાં, ના વીજળીના થાંભલા લાગ્યા. પરંતુ નવી શરતની જમીનનું ખેતી ખેતીમાં જુની શરતમાં રુપાંતર કરાવવા જાય તો 25 ટકા પ્રીમીયમ ભરવાનું થયું. ગામડાંમાં હતા ત્યારે ઓછો હતું પરંતુ સત્તામંડળમાં સમાવેશ પછી જંતરીના દર વધ્યા અને સાથે પ્રીમીયમની રકમમાં મોટો વધારો થયો, વીકાસ મોંઘો પડવા માંડ્યો ! પોતાના જ ઉપયોગ માટે, પોતાની જમીનનો થોડો ભાગ ખેતીમાંથી બીનખેતીમાં ફેરવવા માગે તો ટલ્લે ચડે. પરંતુ જો અદાણી, અરવીંદ ગૃપ જેવા સરકારના ચહેતા મોટા ઉદ્યોગ જુથો ટાઉનશીપો બાંધવા માગે તો એમની જમીન બીન-ખેતીમાં સરળતાથી ફેરવાઈ જાય, નકશા મંજુર થઈ જાય અને કામ પુરાંય થઈ જાય. બીજી બાજુ ખેડુતો ધક્કા ખાય ! આ ધક્કા અને વધેલી જંતરીના દરોએ સમજાવ્યું કે આ વીકાસ નકશો સામાન્ય લોકોના વીકાસ માટે નથી બન્યો, આ તો સરકારના ચહેતા, મામકાઓના વીકાસ માટે બનેલો નકશો છે. સામાન્ય લોકોના વીનાશ થકી ચહેતાઓનો વીકાસ કરવાનો નકશો છે. છુટો છવાયો, અસંતોષ ધુંધવાતો હતો, ક્યાંય ક્યાંય વ્યક્ત કરતા હતા પરંતુ ખેડુતોનું, નાના માણસનું સાંભળે કોણ ?

એમણે ગુજરાત ખેડુત સમાજનો સંપર્ક કર્યો, પહેલી બેઠક થોળ ગામમાં મળી. ખાસ્સી સંખ્યામાં લોકો સમજવા માટે હાજર રહ્યા, સમજાવટ પછી પુછ્યું તો હાજરી પૈકીના 100 ટકાનું કહેવું હતું : ‘નથી જોઈતો એમનો વીકાસ, જાહેરનામું રદ કરાવો, અમને અમારી રીતે વીકસવા દો !’ નીર્ણય પ્રમાણે એમણે 22-5-17ના રોજ ઔડાના ચેરમેનને મળી એક આવેદનપત્ર આપ્યું. આવેદનપત્રમાં કહે છે :

1. જાહેરનામાને વરસો થવા આવ્યાં, અમારાં ગામડાંને કોઈ સગવડો મળી નથી, બધું જ જૈસે-થેની સ્થીતીમાં છે. આવા સંજોગોમાં નાગરીકોની સંપત્તી સરકારે જાહેરનામાથી બાનમાં લઈ લીધી હોય એવી સ્થીતી ઉભી થઈ છે.

2. અમારી પાણી, ગટર, રોડ રસ્તાની હાડમારીઓ યથાવત્ છે.

3. ખેડુત જ એવો વર્ગ છીએ જેની આજીવીકારુપ ખેતીની જમીન સાથે સરકાર છેડછાડ કરી શકે. જાહેરનામું બહાર પડ્યા પછી અમે અમારી મીલકત-જમીનનો વહીવટ

કરવા સ્વતંત્ર રહ્યા નથી.

4. અમારી જમીનનું શું કરવું, કેટલી કપાત કરવી, ક્યાં ફાયનલ પ્લોટ આપવો એના બધા જ નીર્ણયો સરકાર અને સરકાર નીયુક્ત કર્મચારીઓ કરે છે.

બંધારણ સૌના સમાન અધીકારની વાત કરે છે પરંતુ અમલમાં ખેડુતો સાથે ભેદભાવ થાય છે. ખેડુતની માલીકી સરકાર સ્વીકારતી નથી, સ્વીકારતી હોત તો જાહેરનામું બહાર પાડતાં પહેલાં અમારી સાથે વાત કરી હોત. લોકોની લાગણી છે કે સમાનતાના બંધારણીય અધીકાર પર તરાપ સમાન જાહેરનામું તરત જ રદ થવું જોઈએ.

5. જાહેરનામું બહાર પડ્યા પછી વગદારોની તરફેણમાં ઝોનીંગમાં ફેરફાર થતા રહે છે. એકથી વધારે વખત ઝોન બદલાયાં છે. થઈ રહેલાં ફેરફારો જોતાં, આ નકશો અમારા વીકાસ માટે નહીં પરંતુ સત્તાની નજીકના લોકોનો આર્થીક ફાયદા માટે બન્યો હોય તેમ વધારે લાગે છે.

6. અમારા વીસ્તારમાં મોટા પ્રમાણમાં નવી શરતની જમીનો છે. આવી નવી શરતની જમીનોને ખેતી ખેતીમાં જુની શરતમાં ફેરવવા માગતા હોઈએ તો અમારે 25 ટકા પ્રીમીયમ ભરવું પડે છે. ઔડામાં સમાવેશ થવાને કારણે જંત્રીમાં વધારો થયો છે તેથી અમારે બીન- ખેતી ઉપયોગ ના કરવો હોય, માત્ર ખેતી ખેતીમાં જુની શરત કરાવવી હોય તો પણ ઘણી વધારે રકમ ભરવી પડે છે. ખેતી કરતા, ખેતી પર જીવતા ખેડુતો માટે જાહેરનામાને કારણે પડેલો આ મોટો આર્થીક માર છે.

7. ભારતની સંસદે 1992માં બંધારણમાં 73 અને 74મો સુધારો કરી કલમ 243ZD અને 243ZE ઉમેરી છે. તે અનુસાર, જે તે વીસ્તારમાં આવતાં ગામોના સરપંચ, તાલુકા અને જીલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યો, નગરપાલીકા હોય તો એના મેયરનું મળીને જિલ્લા આયોજન સમિતિ બને અને એ આખા વીસ્તારના આયોજનની રુપરેખા તૈયાર કરે.

આ જાહેરનામું બહાર પાડતાં પહેલાં બંધારણમાં થયેલા સુધારાને ગુજરાત સરકારે ધ્યાનમાં લીધો નથી. આખી પ્રક્રીયા બંધારણીય જોગવાઈઓથી વીરુદ્ધ વર્તીને થઈ છે તેથી રદ થવું જોઈએ.

8. વીકાસની આખી પ્રક્રીયામાં, જાહેરાતથી લઈને અત્યાર સુધીમાં જે ગામોનો એમાં સમાવેશ કરાયો એના લોકોને, પંચાયતો, ગ્રામસભાઓ, સરપંચો, તાલુકા/જીલ્લા પંચાયતના સભ્યોને વીશ્વાસમાં લેવાયા નથી. આ આખી પ્રક્રીયામાં ક્યાંય લોકશાહી જણાઈ નથી. સરકારે એકતરફી જાહેરાત કરી અને કર્મચારીઓ અમલ કરી રહ્યા છે. આ બીન-લોકશાહી પ્રક્રીયા અમને બીલકુલ મંજુર નથી જ નથી.

9. ખેડુતોની 40 ટકા જમીન ફરજીયાત કપાત થાય છે, જે ખેડુતોને બીલકુલ મંજુર નથી. જેની અમારે જરુર જ નથી તેના માટે મહામુલી જમીન કેમ આપીએ ?

10. જમીન કપાત પછી મળનારા ફાયનલ પ્લોટનું સ્થળ બદલાય, નહેરો, ખેતીનાં સાધનો, કુવા, ઢાળીયા, ગમાણો નવી જગ્યાએ બદલી શકાતાં નથી, ખેતી છોડી અમે બેરોજગાર થઈએ. અમારે બેરોજગાર થવું નથી !

11. ગામનાં સંસાધનો - પડતર, ખરાબા, ગૌચર શહેરી આયોજનમાં સમાવાતાં પશુપાલકો અને ભુમીહીનોના રોજગાર ઝુંટવાય છે.

12. અમારી જમીનો ઔડામાં સમાવાતાં, ખેતી માટે મળનારા લાભો - ધીરાણ, સબસીડી, પ્રોત્સાહનો વગેરેથી વંચીત થયા છીએ.

13. શહેરી વીસ્તારમાં સમાવાને કારણે અમારા મીલકત વેરા, વીજળીનાં બીલો વગેરે વધી જાય છે, જે અમને બીલકુલ મંજુર નથી.

14. સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાના પ્રતીનીધીઓ - સરપંચ, તાલુકા પંચાયતના સભ્ય, જીલ્લા પંચાયતના સભ્યોની કોઈ ભુમીકા રહેતી નથી. અમારો અવાજ, અમારાં સુચનો- વાંધો - વીરોધ રજુ કરવાં મુશ્કેલ બને જે અમને મંજુર નથી.

15. આ વીસ્તારનાં ગામોમાંથી રોજના હજારો લીટર દુધ અપાય છે, જેની સામે દર મહીને કરોડો રુપીયા મળે છે. આયોજન અમલમાં મુકાય તો પશુપાલન ઉદ્યોગ મરી પરવારે, પશુપાલનથી મળતી પુરક રોજગારી બંધ થાય જે અમને મંજુર નથી.

16. આ ગામડાં સમાવતાં પહેલાં જરુરીયાતનો સરખી રીતે વીચાર કરાયા વગર જ મનઘડંત રીતે નીર્ણય થયો છે. હજારો વરસો પછી હાલના હયાત અમદાવાદ શહેરના કુલ ક્ષેત્રફળ કરતાં આ 62,500 હેક્ટરનો વીસ્તાર ત્રણ ગણો થાય.

ગુજરાત સરકાર દ્વારા શહેરી વીસ્તારોના વીકાસ

માટે બનેલાં સત્તા મંડળો દ્વારા હાથ ધરાતી આ આખી પ્રક્રીયા જ ખામી ભરેલી છે. એને કારણે જ હાલનાં વરસોમાં જ્યાં જ્યાં સરકારે આ પ્રકારની જાહેરાતો કરી ત્યાંના સ્થાનીક લોકો આખી પ્રક્રીયાનો વીરોધ કરી રહ્યા છે.

લોકોને વીશ્વાસમાં લીધા વગર જ, આપખુદશાહી રીતે કરાતું આયોજન ખોટુ છે. તેને કારણે ખેડુતોને વારંવાર સરકારના નીર્ણયો સામે વીરોધ કરવા નીકળવું પડે છે.

સાફ દેખાઈ આવે છે કે, સરકાર ખેતીને ખોટનો ધંધો બનાવી, ગમે તે બહાને ખેડુતોની જમીનો પડાવી મામકાઓને ખટાવવા માગે છે, વીકાસની વાતો ભ્રમમાં નાખવા માટે વપરાતી સરકારી ચાલ છે ! જ્યાં જમીન સંપાદન કાયદા, જીઆઈડીસી કે એસ.આઈ.આર.ના કાયદા હેઠળ જમીન પડાવવા સરકાર સફળ નથી થતી ત્યાં શહેરી આયોજન અને વીકાસના કાયદાને નામે ગામડાંની જમીનો પડાવવા માગે છે. સરકારની ખેડુત અને ગામડાં વીરોધી માનસીકતાનો લોકો વીરોધ કરે છે, એમને ખુટતી સગવડો જોઈએ છે. શહેરીકરણ નહીં.

આ ગામડાંના લોકોનો, આયોજનની આ આખી પ્રક્રીયા અને પદ્ધતી સામે વીરોધ છે, એમની પાસે માગણી છે કે ઔડા - AUDA - Ahmedabad Urban Development Authority માં સમાવાયેલાં 68 ગામો માટે બહાર પડેલું જાહેરનામું સરકાર તરત જ રદ કરે.

દુરનાં ગામડાંથી શરુ થયેલો કહેવાતા ‘વીકાસ’નો વીરોધ હવે અમદાવાદને પાદરે પહોંચ્યો છે. લોકોને આશા છે કે એમની લાગણી, માગણીને માન આપી જાહેરનામું સરકાર રદ કરશે ! લોકોની વાત સરકાર સાંભળશે ? માનશે ? કહેવાતા વીકાસનો વિરોધ આયોજનના કેન્દ્ર ગાંધીનગર સુધી પહોંચશે ? નીતી નીર્ધારકોને ખોટા પાયા પર રચાયેલી વીકાસની ભ્રમણામાંથી બહાર કાઢી, સમતામુલક, સમાવેશી અને ટકાઉ વીકાસના રસ્તે દોરી શકશે ?

ભ્રમણા ભાંગતી જાય છે, સત્ય જીતશે ? વીકાસની તરાહ બદલાશે કે પછી એમને આગામી સમયમાં લોકશાહી ઢબે, શાંત અને અહીંસક વીરોધ વ્યક્ત કરવા માટે પરવાનગી નહીં આપીને, લોકશાહીનાં મુલ્યોને કચડી, સરકાર જેમ વરતી રહી છે એમ જ આ વીસ્તારના લોકોને પણ દબાવવા, દબડાવવા અને કચડવાના રસ્તે વળી જશે ?

❑

# આર્થીક નીતીઓમાં બદલાવ અને સાતત્ય

ધવલ મહેતા ✻ રમેશ બી. શાહ

**પ્રસીદ્ધીમાં સીદ્ધી :** મોદી સરકારે તેના શાસનનાં ત્રણ વર્ષની સીદ્ધીઓની પ્રસીદ્ધી વાજતેગાજતે કરવાનું આયોજન કર્યું. પ્રચારમાં ભાજપ અને જેનો તે એક ભાગ છે તે સંઘને દેશની અન્ય કોઈ સંસ્થા પહોંચી શકે તેમ નથી. અહીં કેવળ દેશની આર્થીક નીતીઓમાં આવેલા બદલાવ અને તેમાં જળવાયેલા સાતત્યની ચર્ચા કરી છે જેના પરીપ્રેક્ષ્યમાં મોદી સરકારની આર્થીક નીતી વીષયક સીદ્ધીઓનું મુલ્યાંકન થઈ શકે.

**સમાજવાદી નીતી કેમ ?** 1950 પછી દેશમાં અપનાવવામાં આવેલી સમાજવાદી નીતીનાં બે પાસાં હતાં. દેશના વીકાસમાં રાજ્યની વીસ્તૃત ભુમીકા અને આયોજન. અપેક્ષીત પરીણામો નહીં આપી શકેલી સમાજવાદી નીતી નહેરુની અંગત પસંદગી હોય તેમ તેની નીષ્ફળતાનો સઘળો અપયશ નેહરુના માથે ઢોળવામાં આવે છે. એ ભુલી જવામાં આવે છે કે આઝાદી પહેલાં કોંગ્રેસમાં સમાજવાદીઓનું એક જુથ સક્રીય હતું. જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહીયા વગેરે સમાજવાદીઓ દેશમાં જાણીતા હતા. બીજા વીશ્વયુદ્ધ પહેલાં જ કોંગ્રેસે નહેરુના પ્રમુખપદે એક આયોજન સમીતીની રચના કરી હતી. દેશના વીકાસ માટે આયોજન જરુરી છે. એ મુદ્દા પર વ્યાપક સંમતી પ્રવર્તતી હતી. તેથી તો દેશના કેટલાક ઉદ્યોગપતીઓએ પણ ‘બોમ્બે પ્લાન’ તૈયાર કર્યો હતો. માત્ર ભારતમાં જ નહી, દુનીયાના ઘણા દેશોમાં સમાજવાદ લોકપ્રીય બન્યો હતો. 1930ની મહામંદીએ મુડીવાદી વ્યવસ્થાની અસ્થીરતા અને બેકારી સર્જવાની ખાસીયતનો પરીચય કરાવી દીધો હતો. બીજી બાજુ, રશીયાએ એની સીદ્ધીઓનો ભરપુર પ્રચાર કરીને સામ્યવાદી વ્યવસ્થા મુડીવાદી વ્યવસ્થા કરતાં ચડીયાતી છે એવું લોકોને ઠસાવી દીધું હતું. તેથી યુરોપના મુડીવાદી દેશોમાં પણ સમાજવાદનો વીચાર પ્રસર્યો હતો. આમ લગભગ 1930 પછીના પાંચે દસકા સમાજવાદી વીચારધારાનો યુગ હતો. ભારતની 1950 પછીની નીતીઓ સમાજવાદના યુગની પેદાશ હતી. દુનીયાના

ઘણા દેશોમાં ઓછાવત્તા પ્રમાણમાં એ વર્ષોમાં સમાજવાદી નીતીઓનો અમલ કરવામાં આવ્યો હતો.

**સમાજવાદનો અસ્ત :** સમાજવાદી નીતીઓના યુગના અસ્તનો પ્રારંભ 1980ની આસપાસ થયો. 1978માં ચીને સામ્યવાદી અર્થવ્યવસ્થાનો ત્યાગ કર્યો; 1980થી '90ના દસકામાં બ્રીટનમાં વડાપ્રધાન થેચર સરકારે પોતાને હસ્તક લીધેલાં સાહસોનું ખાનગીકરણ કરીને સમાજવાદનો ત્યાગ કર્યો. 1990ની આજુબાજુનાં વર્ષોમાં રશીયા સહીતના પુર્વ યુરોપના દેશોએ સામ્યવાદનો ત્યાગ કર્યો. આ દરમીયાન તાઈવાન, સીંગાપુર, દ. કોરીયા વગેરે પુર્વ એશીયાના દેશોમાં રાજ્યની ઓછીવત્તી ભુમીકા સાથેના મુક્ત બજારની નીતીથી ઝડપી આર્થીક વૃદ્ધી સધાઈ ચુકી હતી. તેથી દુનીયાના અન્ય અનેક દેશોએ મુક્ત બજારની નીતી અપનાવી લીધી. ભારતે પ્રસીદ્ધીપુર્વક મુક્ત બજારની નીતી 1991માં અપનાવી હતી. પણ એ પુર્વે 1980થી '90ના દસકામાં ઔપચારીક જાહેરાત કર્યા વીના 'નવી નીતી' અપનાવી લીધી હતી. 1985થી '90ના સમયગાળામાં ભારતના ત્રણ પ્રસીદ્ધ અર્થશાસ્ત્રીઓ, કે. એન. રાજ, ડી. ટી. લાકડાવાલા અને આઈ. જી. પટેલે આપેલાં સ્મૃતી-વ્યાખ્યાનોનો વીષય ઉક્ત નવી આર્થીક નીતી હતો. આમ આજે દુનીયામાં મુક્ત બજારની નીતીનો યુગ ચાલી રહ્યો છે. ભારત પણ એમાં સામેલ થયેલું છે.

**નવી આર્થીક નીતી :** ભારતમાં જુની સમાજવાદી નીતીમાં 1991માં મોટા પાયા પર ફેરફારો કરીને નવી આર્થીક નીતી અપનાવવામાં આવી. તેને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણના નામે પણ ઓળખવામાં આવી. આ ત્રણ નીતીઓ ખરેખર એક જ નીતીનાં ત્રણ પાસાં છે, અને એ નીતી છે મુક્ત બજારની નીતી. 1991માં કોંગ્રેસના વડાપ્રધાન નરસીંહરાવ અને નાણાપ્રધાન મનમોહનસીંઘે નવી નીતી અમલમાં મુકી પણ તેઓ એ દીશામાં ઝાઝા આગળ વધ્યા નહોતા. 1991ની કટોકટી દુર થઈ હતી; જીડીપીનો વૃદ્ધીદર વધવા પામ્યો હતો અને આંતરરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રે સ્થીતી સંતોષકારક થઈ હતી. 2004થી 2014ના દસકામાં પણ કોંગ્રેસના વડપણ નીચેની યુપીએ સરકારે મુક્ત બજારની નીતીને આગળ લઈ જવાની દીશામાં ખાસ કોઈ આર્થીક સુધારા કર્યા નહી કેમકે જીડીપીનો વૃદ્ધીદર એ દસકામાં સરેરાશ 7.6 ટકા જેવી ઉંચી સપાટી પર રહ્યો હતો. તેણે જાહેર સાહસોનું ખાનગીકરણ કરવાનું ટાળ્યું; અલબત્ત, કેટલીક સરકારી કંપનીઓના થોડા શેર બજારમાં વેચીને તેમનું અંશત: ખાનગીકરણ કર્યું પણ તેમનું સંચાલન સરકાર હસ્તક જ રાખ્યું, આયોજન પંચ ચાલુ રાખીને પંચવર્ષીય યોજના ઘડવાનું ચાલુ રાખ્યું; બજારવાદી અર્થશાસ્ત્રીઓના સુચન પ્રમાણે મજુર કાયદા સુધાર્યા નહીં.

દેશમાં આર્થીક વૃદ્ધીનો દર બમણો થયો તે આર્થીક સુધારાની સીદ્ધી હતી પણ એની બે મર્યાદાઓ છે. ઝડપી બનેલી આર્થીક વૃધ્ધીને પરીણામે ગરીબી ઘટવાની ઝડપ વધી પણ હજી દેશમાં ગરીબીનું પ્રમાણ 20 ટકાથી અધીક છે. યુપીએ સરકારે આ વાસ્તવીકતા નજર સમક્ષ રાખીને અન્ન સલામતી (ફુડ સીક્યુરીટી)ની યોજના કરી, જેમાં ગરીબોને ખુબ ઓછી કીંમતે નીયત જથ્થામાં ઘઉં અને ચોખા પુરા પાડવામાં આવે છે. બીજી મર્યાદા દેશમાં આર્થીક વૃદ્ધી ઝડપી બની પણ મેન્યુફેક્ચરીંગ વીભાગનો વીકાસ થવો જોઈએ તેટલા પ્રમાણમાં થયો નથી. તેથી ખેતીની બહાર રોજગારીની તકો ઓછી સર્જાઈ છે. એને પરીણામે ખેતીના ક્ષેત્રે હજીયે 48 ટકા જેટલા લોકો રોકાયેલા છે, અને ગ્રામ વીસ્તારોમાં બેકારીનો પ્રશ્ન મોટો છે. આ બેકારોને પુરક રોજગારી પુરી પાડવા માટે 'મનરેગા' નામથી રોજગારીની બાંયધરી આપતી યોજનાનો અમલ કરવામાં આવ્યો. નરેન્દ્ર મોદીએ મનરેગાને યુપીએ સરકારની નીષ્ફળતાના સ્મારક તરીકે ચાલુ રાખવામાં આવશે એમ કહીને એની મજાક કરી હતી.

**મુક્ત બજારની નીતી ચાલુ :** આ ભુમીકાના સંદર્ભમાં મોદી સરકારની આર્થીક નીતીઓને તપાસવાની છે. આ સરકારે મુક્ત બજારની નીતી ચાલુ રાખી છે. એના એક ભાગરુપે તેણે પહેલું કામ આયોજન પંચને વીખેરી નાખવાનું કર્યું, પણ તેની જગાએ નીતી આયોગની રચના કરવામાં આવી. તેનું સ્વરુપ આમ તો 'થીંક ટેન્ક'નું છે. મતલબ કે વીવીધ આર્થીક પ્રશ્નો પર સરકારને નીતી વીષયક માર્ગદર્શન આપવાની કામગીરી તેણે બજાવવાની છે. પણ નીતી આયોગને આયોજનથી મુક્ત રાખવામાં આવ્યું નથી. એનો અર્થ એ છે કે સરકાર પોતે આયોજનના ખ્યાલથી મુક્ત બની નથી. પંદર વર્ષનું 'વીઝન', સાત વર્ષનો એજન્ડા અને ત્રણ વર્ષનો 'અમલ' એમ આયોજનનું નામ પાડ્યા વીના ત્રીસ્તરીય આયોજનની કલ્પના કરવામાં આવી છે. આમાં એ અભીપ્રેત છે કે દેશના વીકાસમાં સરકારની ભુમીકા મહત્ત્વપુર્ણ રહેવાની છે.

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-6-2017

**નીતીમા સાતત્ય પરંતુ કશુ ક્રાંતીકારી નહીં :** આર્થીક સુધારા દ્વારા મુક્ત બજારની દીશામાં આગળ વધવાની બાબતમાં મોદી સરકારે કોઈ નોંધપાત્ર પગલું ભર્યું નથી. મેન્યુફેક્ચરીંગને પ્રોત્સાહન આપવા માટે બજારવાદી અર્થશાસ્ત્રીઓના સુચન પ્રમાણે મજુર કાયદા તેણે સુધાર્યા નથી. એ સુધારા કરવાનું રાજ્યો ઉપર છોડવામાં આવ્યું છે. એ જ રીતે જમીન સંપાદન કાયદામાં સુધારા કરવાનું માંડી વાળવામાં આવ્યું છે. સરકારી સાહસોનું ખાનગીકરણ કરવાનું તેના એજન્ડા પર નથી. એર ઈન્ડીયા જેવાં જંગી ખોટ કરતાં સાહસોનું પણ ખાનગીકરણ કરવાની રાજકીય ઈચ્છાશક્તી આ સરકારે દાખવી નથી. અલબત્ત, કેટલાંક નાનાં અને ખોટ કરતાં એકમોનું ખાનગીકરણ કરવાની દીશામાં તેણે ગતી કરી છે. આમ કોંગ્રેસના શાસનમાં સમાજવાદની નીતી નીચે જે સરકારી સાહસો ઉભાં કરવામાં આવ્યાં હતાં અથવા ખાનગી એકમોનું રાષ્ટ્રીયકરણ કરીને તેમને સરકારની માલીકનાં બનાવવામાં આવ્યાં હતાં તેમનો કબજો છોડવા મોદી સરકાર પણ તૈયાર નથી. એ સાહસોમાં શાસકો અને વહીવટીતંત્રનાં હીતો બરાબર જામેલાં છે.

એનું એક ઉદાહરણ અરુણ શૌરીએ આપ્યું હતું. અશોક હોટલમાં સરકારી અધીકારીઓ અને પ્રધાનોને 15 ટકા ડીસ્કાઉન્ટનો લાભ આપવામાં આવે છે. રીપેર અને રીનોવેશનના નામે છ રુમ રીઝર્વ રાખવામાં આવે છે, જેનો ઉપયોગ વાસ્તવમાં ખાનગી પ્રવૃત્તીઓ કરવા માટે થાય છે. પ્રધાનો અને આઈ.એ.એસ. અધીકારીઓના ત્યાં થતાં લગ્નોમાં સત્કાર સમારંભો યોજાય તેમાં ભલે 600 માણસો જમ્યાં હોય, બીલ 250 માણસોનું બને છે. હોટલના કેમ્પસમાં 300 જેટલાં ગેરકાયદે ક્વાટર્સ બંધાયેલાં છે.

**શું ગરીબી દુર થશે ?** પોતાની સરકાર ગરીબોના કલ્યાણને વરેલી છે એવો પ્રચાર કરવાની અને એ માટે નાનામોટા કાર્યક્રમોનો અમલ કરવાની મોદી સરકારની નીતી કોંગ્રેસના શાસનમાં ઈંદીરા ગાંધીના સમયથી શરુ થઈ હતી. ઈંદીરા ગાંધીએ 'ગરીબી હટાવો' સુત્ર આપીને દેશમાં એક નવી હવા ઉભી કરી હતી અને તે દીશામાં બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવા જેવું જલદ પગલું ભર્યું હતું. એ પછી કોંગ્રેસની આ ગરીબોલક્ષી કાર્યક્રમોની પરંપરા ચાલુ રાખી છે. જે મનરેગાની મોદીએ ઠેકડી ઉડાવી હતી એની પાછળ 2017-18ના બજેટમાં અત્યાર સુધીની સહુથી વધુ રકમ (રુ. 48000 કરોડ) ફાળવવાનું ગૌરવ લીધું. એ જ રીતે અન્ન સલામતીની યોજના પણ ચાલુ રાખી છે. મોદી સરકારની, તેને કોંગ્રેસથી જુદી પાડતી સફળતાની કસોટી આમાં રહેલી છે : દેશમાં ગરીબી ન રહે જેથી અન્ન સલામતી બીનજરુરી બની જાય અને ગ્રામવીસ્તારોમાં બેકારી ન રહે જેથી મનરેગાની જરુર ન રહે.

**હાલમા આર્થીક નીતીમાં વીકલ્પો ઓછા છે.** કોંગ્રેસ શાસનમાં અમલમાં મુકવામાં આવેલી અનેક નીતીઓને નામ બદલીને કે બદલ્યા વીના ચાલુ રાખવામાં આવી છે. દા.ત. ખેડુતોને તેમની કેટલીક પેદાશોના તળીયાના કે ટેકાના ભાવો જાહેર કરીને તે ભાવે ખેડુતો પાસેથી તેમની પેદાશ ખરીદવાની નીતી ચાલુ રાખવામાં આવી છે. કૃષીપાકો માટેના વીમાની યોજનાને સુધારીને નવું નામ આપવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે સમાજવાદી નીતીનો ત્યાગ કરીને જે મુક્ત બજારની નીતી અપનાવવામાં આવી એ નીતીગત બદલાવ પછી અમલમાં મુકવામાં આવેલી બજારવાદી નીતીઓમાં, સરકારો બદલાવા છતાં, સાતત્ય જળવાઈ રહ્યું છે. દેશ જે આર્થીક સંજોગોમાં છે તેમાં અમલમાં મુકી શકાય તેવા વીકલ્પો જ ઓછા છે. દા.ત. જીએસટીનો વીકલ્પ યુપીએના શાસનમાં રજુ થયો જ હતો, જેને કેવળ પક્ષીય હીતનો વીચાર કરીને ભાજપે અટકાવ્યો હતો. ❑

નયા માર્ગ

વાંચો અને વંચાવો

વાર્ષિક લવાજમ

₹ 150

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001